RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૭    સોમવાર, તા.૧૫-૦૪-૨૦૨૪    અંક : ૯૫  વર્ષ : ૧૯    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ઈરાનને જડબાતોડ જવાબ આપશે ઈઝરાયલ

## રવિવારે વોર કેબિનેટની બેઠકમાં લેવાયો નિર્ણય : વળતો હુમલો ક્યારે તે જાહેર નહીં

નવીદિલ્હી,
ઈરાન દ્વારા ઈઝરાયલ પરના હુમલા બાદ રવિવારે વોર કેબિનેટની બેઠકમાં એ વાત પર સહમતિ થઈ હતી કે ઈરાનને જડબાતોડ જવાબ આપવામાં આવે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર આ કેવી રીતે અને ક્યારે થશે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી.

બીજી તરફ ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ઈરાનમાં કેદ ૧૭ ભારતીયોની મુક્તિ માટે ઈરાનના વિદેશ મંત્રી સાથે વાત કરી હતી.



આ પહેલા ઈરાનની સેનાએ શનિવારે મોડીરાતે ૩ વાગ્યે લગભગ ૩૦૦ ડ્રોન અને મિસાઈલ વડે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલે અમેરિકા અને અન્ય સહયોગી દેશો સાથે મળીને ૯૯% ડ્રોન-મિસાઈલો અટકાવી દીધી હતી. હુમલામાં માત્ર ઈઝરાયલના નેવાટીમ એરફોર્સ બેઝને થોડું નુકસાન થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને ઈઝરાયલ પરના આ હુમલાને 'ઓપરેશન ટ્રુ પ્રોમિસ' નામ આપ્યું છે. હકીકતમાં ૧ એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

## ઈરાન દ્વારા પકડાયેલા જહાજમાં ૧૭ ભારતીયોની વાપસી મુદ્દે સ્વીકારાઇ વિદેશમંત્રીની માંગ

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ સમગ્ર વિશ્વમાં ભારે અસ્થિરતાનો માહોલ છે. આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. આ બધાની વચ્ચે ભારત સરકારે ઈરાન દ્વારા પકડાયેલા ઈઝરાયેલના જહાજમાં સવાર ૧૭ ભારતીયોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કર્યા બાદ હવે ઈરાન સરકારે આ ભારતીયોની ભારત સરકારના પ્રતિનિધિઓ સાથેની બેઠકને લીલી ઝંડી આપી દીધી છે.

ઈરાનના વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાનું કહેવું છે કે, તેહરાન ટૂંક સમયમાં જ ભારતીય સરકારી અધિકારીઓને MSC Aries જહાજમાં સવાર ભારતીયોને મળવાની મંજૂરી આપશે. ઈરાનના વિદેશ મંત્રીનું કહેવું છે કે, તેમની સરકાર પકડાયેલા જહાજની વિગતો એકઠી કરી રહી છે. ૧૭ ભારતીયો સાથે ભારત સરકારના પ્રતિનિધિઓની બેઠક અંગેની માહિતી ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે.

વિદેશ મંત્રી એસ જયશંકરે તાજેતરમાં તેમના ઈરાનના સમકક્ષ હુસૈન અમીર-અબ્દુલ્લાહિયન સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે ૧૭ ભારતીય નાગરિકોની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ફોન પર વાતચીત દરમિયાન જયશંકરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી દુશ્મનાવટને લઈને તણાવ ટાળવા, સંયમ રાખવા અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું હતું.

નોંધનિય છે કે, તાજેતરમાં જ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા ઈઝરાયલના જહાજ MSC Ariesને પકડી લીધું હતું. આ જહાજ લંડનનું ઝોડિયાક મેરીટાઈમ છે, જે ઈઝરાયેલના અબજોપતિ આઈલ ઓફરના રાશિચક્ર જૂથનું છે. આ જહાજ સંયુક્ત આરબ અમીરાત (છઇ)ના એક બંદરેથી રવાના થયું હતું. MSC Aries છેલ્લે ગયા શુક્રવારે દુબઈથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝ તરફ જતી જોવા મળી હતી. બાદમાં પુષ્ટિ થઈ કે ઈરાને આ જહાજ કબજે કરી લીધું છે.

# કેનેડામાં ૨૪ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

## ચિરાગ અંતિલ તેની કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યો

વેનકુવર,
૨૦૨૨માં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કેનેડા ગયેલા ૨૪ વર્ષીય ભારતીય યુવાનની વેંકૂવરમાં તેની કારમાં જ ગોળી મારી હત્યા કરવામાં આવી છે તેમ સ્થાનિક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. વેંકૂવર પોલીસ વિભાગને રાતે ૧૧ વાગ્યે આ ઘટનાની જાણ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોને ગોળીઓનો અવાજ સંભળાતા તેમણે પોલીસને જાણ કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર ચિરાગ અંતિલ તેની કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. અત્યાર સુધી કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી અને તપાસ હજુ પણ ચાલુ છે. ચિરાગના ભાઈ રોનિતે જણાવ્યું હતું કે સવારે જ્યારે મારી ચિરાગ સાથે વાત થઈ તો તે ખૂબ જ ખુશ લાગી રહ્યો હતો. ત્યારબાદ બહાર જવા માટે તેણે ઓડી કાર બહાર કાઢી તો તેની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી.

# આજથી તબક્કાવાર ફોર્મ ભરશે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો

## આજે - મનસુખ માંડવિયા, આવતીકાલે - પરશોત્તમ રૂપાલા, ૧૮મીએ- સી.આર. પાટીલ , ૧૯મીએ- અમિત શાહ ફોર્મ ભરશે

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો આજથી ઉમેદવારી ફોર્મ ભરશે. પાર્ટી હાઈકમાન્ડની સૂચન મુજબ ઉમેદવારો તબક્કાવાર ફોર્મ ભરશે. રોડ શો, રેલી યોજીને ઉમેદવારો શક્તિપ્રદર્શન પણ યોજશે.

૧૫ એપ્રિલ ભાજપના લોકસભાના અમદાવાદ: પૂર્વના હસમુખ પટેલ, સુરેન્દ્રનગર: ચંદુ શિહોરા, પોરબંદર: મનસુખ માંડવિયા, પંચમહાલ : રાજપાલસિંહ જાદવ, વલસાડ :ધવલ પટેલ, ભરૂચ: મનસુખ વસાવા કોંગ્રેસના બનાસકાંઠા: ગેનીબેન ઠાકોર, જામનગર: જે પી મારવીયા, બારડોલી: સિદ્ધાર્થ ચૌધરી, સુરેન્દ્રનગર: ઋત્વિક મકવાણા. આજ વિધાનસભાની પેટા ચૂંટણી ભાજપના પોરબંદર: અર્જુન મોઢવાડિયા, વાઘોડિયા: ધર્મેન્દ્રસિંહ વાઘેલા ફોર્મ ભરશે.

૧૬ એપ્રિલે ભાજપના લોકસભાના કચ્છ: વિનોદ ચાવડા, બનાસકાંઠા: ડો. રેખા ચૌધરી, પાટણ: ભરતસિંહ ડાભી, મહેસાણા : હરિભાઈ પટેલ, સાબરકાંઠા: શોભના બારૈયા, અમદાવાદ પશ્ચિમ: દિનેશ મકવાણા, રાજકોટ : પરશોત્તમ રૂપાલા, જૂનાગઢ : રાજેશ ચૂડાસમા, ભાવનગર: નીમુબેન બંભાણીયા, આણંદ: મિતેશ પટેલ, ખેડા : દેવુસિંહ ચૌહાણ, દાહોદ: જશવંતસિંહ ભાભોર, વડોદરા: હેમાંગ જોશી, છોટાઉદેપુર: જશુ રાઠવા, બારડોલી: પ્રભુ વસાવા, સુરત : મુકેશ દલાલ. કોંગ્રેસના નેતા કચ્છ- નિતેશ લાલન, ગાંધીનગર- સોનલબેન પટેલ, સાબરકાંઠા- તુષાર ચૌધરી, અમરેલી- જેનીબેન ઠુમ્મર, વલસાડ- અનંત પટેલ, પોરબંદર- લલિત વસોયા, છોટાઉદેપુર- સુખરામ રાઠવા. વિધાનસભા ભાજપના વિજાપુર સી.જે. ચાવડા ફોર્મ ભરશે.

૧૮મી એપ્રિલ ભાજપના લોકસભાના ઉમેદવારો નવસારી: સી.આર. પાટીલ અમરેલી: ભરત સુતરીયા વિધાનસભાના ઉમેદવારો ખંભાત: ચિરાગ પટેલ, માણાવદર: અરવિંદ લાડાણી ફોર્મ ભરશે. ૧૯ તારીખે ગાંધીનગરમાં કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ જામનગર: પૂનમ માડમ ફોર્મ ભરશે. ફોર્મ ભરાવાની શરૂઆત થતાં જ ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામશે.

# રાજસ્થાનના ફતેહપુરમાં કારમાં લાગી આગ : એક જ પરિવારના સાત ભડથું

## કારે ટ્રકને ટક્કર મારી અને અકસ્માત બાદ તુરંત કારમાં આગ લાગી હતી

સીકર,
રાજસ્થાનના સીકર જિલ્લાના ફતેહપુરમાં યુપીના મેરઠના એક પરિવારના સાત લોકો જીવતા ભડથું થયા હતા. એક કારે ટ્રકને ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ તુરંત કારમાં આગ લાગી હતી અને થોડી જ વારમાં આખી કાર અને તેમાં સવાર તમામ લોકો આગના હવાલે થઇ ગયા હતા. ભીષણ આગના કારણે થોડીવારમાં જ બે માસુમ બાળકો, ત્રણ મહિલાઓ સહિત પરિવારના સાત લોકો જીવતા સળગી ગયા હતા. આગ એટલી વિકરાળ હતી કે કોઈ કંઇ ના કરી શક્યું.

મળતી માહિતી અનુસાર, પરિવાર સાલાસર બાલાજીના દર્શન કરીને મેરઠ પરત ફરી રહ્યો હતો તે સમયે આ દુર્ઘટના બની હતી. મૃતકોમાં પતિ-પત્ની, બે પુત્રી, માતા અને કાકી સહિત ૭ લોકોનો સમાવેશ થાય છે. ઓવરટેક કરતા સમયે કાર ટ્રકની નીચે ઘુસી ગઈ હતી. એવું કહેવાય છે કે સાલાસર પુલિયા પર ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે પૂરપાટ આવતી કાર ટ્રકની નીચે ગુસી ગઈ હતી. ત્યારે ગેસ પાઈપ ફાટવાને કારણે ગેસકેટના સિલિન્ડરમાં તરત જ આગ લાગી હતી અને થોડી જ વારમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. ટ્રકમાં ભરેલા કપાસના રોલના કારણે આગ વિકરાળ બની હતી. રાહદારીઓએ પણ તેમને બચાવવાનો કર્યો હતો, પરંતુ ગેટ ખુલ્યો ન હતો અને થોડી જ ક્ષણોમાં આગે સાત લોકોના જીવ લીધા હતા.

ટ્રકમાં મેડિકલ કૉટન (રૂ) ભરેલી હતી, જે કાર પર આવીને પડી હતી જેને કારણે આગ ઝડપથી ફેલાઇ હતી. આ ઘટના બાદ લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

# ટીબી સામે લડવા બાળકો માટે બનાવાયેલી દવાને મળી મંજૂરી

## બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે ટીબીની સારવાર કરવી પડકારજનક

નવીદિલ્હી,
ટ્યુબરક્યુલોસિસ એટલે કે ટીબી સામે લડવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિમાં, બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાને મંજૂરી આપવામાં આવી છે, જે બાળકોની આરોગ્ય સંભાળમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

ટ્યુબરક્યુલોસિસ એ ગંભીર વૈશ્વિક આરોગ્ય વિષયક ચિંતા છે. પરંપરાગત રીતે બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે બાળકોના ટીબીની સારવાર કરવી પડકારજનક રહી છે, જેના કારણે અસરકારક રીતે દવાઓ પહોંચાડવી મુશ્કેલ બને છે. બાળકોમાં થતા ટીબીની સારવારમાં મુખ્ય અવરોધ એ બાળકો માટે યોગ્ય દવાઓના ફોર્મ્યુલેશનનો અભાવ છે. પરંપરાગત ટીબી દવાઓ ઘણીવાર ગોળીના સ્વરૂપમાં આવે છે, જે બાળકો માટે ગળી જવા માટે પડકારરૂપ હોઈ શકે છે, જે પાલન અને અસરકારકતા સાથે સમસ્યાઓ તરફ દોરી જાય છે.

ટીબીના બાળરોગના દર્દીઓની ચોક્કસ જરૂરિયાતોને ઓળખીને, ફાર્માસ્યુટિકલ કંપનીઓ ટીબીની દવાઓને બાળકોને અનુરૂપ ફોર્મ્યુલેશન વિકસાવવા માટે ખંતપૂર્વક કામ કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાઓની તાજેતરની મંજૂરી એ બાળકોની ટીબીની સારવારમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ મંજૂરી યુવા ટીબી દર્દીઓની અપૂર્ણ જરૂરિયાતોને પુરી કરવાના હેતુથી વ્યાપક સંશોધન અને વિકાસ દર્શાવે છે.

# લાહોરમાં અંડરવર્લ્ડ ડોન આમિર સરફરાઝની હત્યા

## અજાણ્યા લોકોએ ગોળી મારી તેના પર સરબજીત સિંહની હત્યાનો આરોપ હતો

લાહોર
લાહોરના ડોન અમિર સરફરાઝની હત્યા કરવામાં આવી છે. પીટીઆઈના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લાહોરમાં કેટલાક લોકોએ અમીરને ગોળી મારી હતી. આ પછી તેનું મોત થયું. એવું માનવામાં આવે છે કે અમીર સરફરાઝ અને તેના સહયોગીઓએ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના નિર્દેશ પર ૨૦૧૩માં લાહોર જેલમાં બંધ ભારતીય નાગરિક સરબજીત સિંહની માર મારી હત્યા કરી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં પાકિસ્તાનની એક કોર્ટે પુરાવાના અભાવને ટાંકીને સરબજીતની હત્યાના બે આરોપીને મુક્ત કર્યા હતા. જેમાં અમીર સરફરાઝ અને મુદસ્સરનો સમાવેશ થાય છે. આ બંને વિરુદ્ધ કોઈએ જુબાની આપી નહોતી. વાસ્તવમાં પંજાબનો સરબજીત ૧૯૯૦માં ભૂલથી સરહદ પાર કરીને પાકિસ્તાન ગયો હતો.

# ઝીરો વીજળી બિલ, મફત રાશન-ગેસ

## મોદીની ગેરંટી સાથે ભાજપનો ઢંઢેરો જાહેર

નવીદિલ્હી,
ભાજપે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો બહાર પાડ્યો છે. આ વખતે ભાજપે જીતની હેટ્રિક માટે ઘણા મોટા વચનો આપ્યા હતા. વિકસિત ભારતના સંકલ્પ અને મોદીની ગેરંટી દ્વારા ભાજપે પોતાનું વિઝન રજૂ કર્યું. બીજેપી હેડક્વાર્ટર ખાતે પીએમ મોદીની હાજરીમાં મેનિફેસ્ટો લોન્ચ કરવામાં આવ્યો હતો. મોદીની ઉઠાંતરીની ઝલક ભાજપના ઠરાવ પત્રમાં પણ જોવા મળી હતી. ૨૦૧૪માં ભાજપે સબકા સાથ, સબકા વિકાસનો નારો આપ્યો હતો. ૨૦૧૯માં ભાજપ સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે આગળ વધ્યું. ૨૦૨૪માં ભાજપનો ચૂંટણી પ્રચાર મોદીની ગેરંટી સાથે ચાલી રહ્યો છે.

ભાજપે તેના મુખ્ય મુદ્દાઓ પહેલાથી જ પૂર્ણ કરી લીધા છે જેમાં રામ મંદિરનું નિર્માણ અને કલમ ૩૭૦ હટાવવાની બાબત મહત્વપૂર્ણ છે. નોંધનીય છે કે ભાજપે ઠરાવ પત્ર બહાર પાડવા માટે બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિનો દિવસ પસંદ કર્યો હતો.




# ભારત ૧૭ વર્ષમાં કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયું : ૫ લાખ હેક્ટર ઈન્ફ્રાસ્ટ્રકચરનો વધારો



હૈદરાબાદ,
છેલ્લા ૧૭ વર્ષમાં આપણો દેશ કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયો છે. ૨૦૦૫ થી ૨૦૨૩ સુધીમાં દેશમાં બાંધકામ ક્ષેત્રે ૨૫ લાખ હેક્ટરનો વધારો થયો છે. આ માહિતી ઈસરોના હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા આપવામાં આવી છે. આ દર્શાવે છે કે દેશમાં શહેરીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે.

એનઆરએસસીના વાર્ષિક અહેવાલમાં, ૨૦૦૫-૦૬ અને ૨૦૨૨-૨૩ વચ્ચે જમીનનો ઉપયોગ અને જમીન કવરમાં લગભગ ૩૧ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૩૫ ટકા વધુ બાંધકામ વિસ્તાર ઉમેરવામાં આવ્યો છે. જમીન કવરમાં લગભગ ૨.૪ ટકાનો વધારો થયો છે. આ બાંધકામ વિસ્તારમાં માત્ર ઈમારતો જ નહીં, રસ્તાઓ વગેરે પણ છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૫ અને ૨૦૨૩ ની વચ્ચે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો ગુજરાતમાં ૧૭૫ ટકા, કર્ણાટકમાં ૧૦૯ ટકા, આંધ્રપ્રદેશમાં ૯૪ ટકા, મધ્યપ્રદેશમાં ૭૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૫૮ ટકા વધ્યા છે. રિપોર્ટ અનુસાર ખેતીની જમીનમાંથી બાંધકામ વિસ્તાર પણ લેવામાં આવ્યો છે.

એનઆરએસસી મુજબ, બાંધવામાં આવેલા વિસ્તારમાં ઈમારતો એટલે કે છતની રચનાઓ, પાકા સપાટીઓ એટલે કે રસ્તાઓ અને પાર્કિંગ, વ્યાપારી અને ઔદ્યોગિક સ્થળો જેમ કે બંદરો, લેન્ડફિલ્સ, ખાણો અને રનવે અને શહેરી લીલા વિસ્તારોમાં ઉદ્યાનો અને બગીચાઓનો સમાવેશ થાય છે. એટલે કે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. પરંતુ સમસ્યા એ છે કે બાંધકામ વિસ્તાર વધારવા માટે ખેતીની જમીનનો ઉપયોગ કરવો નુકસાનકારક છે. જેના કારણે ખેડૂતોને નુકશાન થાય છે. તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે. પુરતું વળતર ન મળતા ખેડૂતોએ દેખાવો કર્યા હતા. ગુજરાતમાં વાપીથી શામળાજી સુધીના એનએચ-૫૬ના વિકાસનો વિરોધ થયો હતો.ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ મધ્યપ્રદેશના ખેડૂતોએ ઈન્દોરના વેસ્ટર્ન રિંગ રોડ અને ઈન્દોર-બુધાની રેલ લિંક માટે જમીન સંપાદનનો વિરોધ કર્યો હતો.

# આજે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## કાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા

અમદાવાદ

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ગઈ કાલે કમોસમી વરસાદની આફતને કારણે અનેક જિલ્લાઓ ભીંજાયા હતા, ત્યારે આજે પણ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા બનાસકાંઠા અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે.

૧૬ એપ્રિલથી ફરી એકવાર તાપમાનનો પારો બે ડિગ્રી જેટલું ઉચકાઈ શકે છે, તેથી ગુજરાતવાસીઓને થોડા દિવસની ગરમીથી રાહત બાદ ફરીથી ઉનાળાનું કહેર સહન કરવા તૈયાર રહેવું પડશે. આગામી ૪૮ કલાક બાદ ગુજરાત પરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર સંપૂર્ણ પૂર્ણ થયા બાદ સૂર્ય ગુજરાતની ધરતીને તપાવશે તેને કારણે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી પાર જઈ શકે છે.

અમદાવાદ શહેરમાં રવિવારે બપોર બાદ કેટલાક વિસ્તારમાં હળવા વરસાદના ઝાપટાં પડ્યા હતા. ભારે પવન ફૂંકાવાને કારણે વિવિધ વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. જ્યારે આજે સોમવારે સવારે ઠંડકનો માહોલ છે. રવિવારની સાંજે વાતાવરણમાં બદલાવને કારણે શહેરીજનો માટે આરામદાયક રહી હતી. જોકે, ભારે પવન ફૂંકાતા ધૂળની ઊંચી ઊંચી ડમરીઓથી રસ્તા પર આવતાં-જતાં વાહનચાલકોને મુશ્કેલી થઈ હતી, ત્યારે આજે પણ અમદાવાદ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે.

આજરોજ વહેલી સવારે જ થોડા પ્રમાણ માં કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ રહી શકે છે. ત્યારબાદ સૂર્ય ઉપર આવતા તાપમાન ઉંચકાશે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. પરંતુ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે ગરમીનો અહેસાસ ઓછા પ્રમાણમાં થશે. આજરોજ શહેરમાં ૮થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, તેને કારણે પણ થોડા અંશે રાહત અનુભવાઈ શકે છે.

# રાજકોટનું ક્ષત્રિય સંમેલન : શિસ્ત, સંયમ, શક્તિ અને સૈલાબ

રાજકોટ

રાજકોટ ગુજરાતની રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે અને આ પ્રકરણનું તો એપી સેન્ટર છે. સંમેલન ઘણી બાબત નિર્ભર છે. હવે પછી ક્ષત્રિયોની રણનીતિ શું રહેશે? ભાજપનું વલણ શું રહેશે? અને કોંગ્રેસ આ સ્થિતિનો લાભ ઉઠાવી શકશે કે નહીં? તે પ્રશ્નો મહત્વના છે. ક્ષત્રિય સંમેલનમાં હજારો લોકો પહોંચ્યા. વાહનોના થપ્પા લાગ્યા તો ચાલીને સ્થળ પર પહોંચ્યા. ક્યાંય કોઈ છમકલું થયું નહી, ક્યાંય કોઈએ સંયમ ગુમાવ્યો



નહીં. શિસ્તબદ્ધ રીતે શક્તિપ્રદર્શન થયું.

# 35 IPSની બઢતી-બદલી

## હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં

અમદાવાદ

સભા ૨૦૨૪ની ચૂંટણીની વાતોની વચ્ચે ઘણા સમયથી ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની બદલીની પણ વાતો ચાલી રહી હતી, આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ચૂંટણીપંચે બઢતી અને બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં એકસાથે ૩૫ અધિકારીના બદલી અને બઢતીના આદેશ કરવામાં આવ્યા છે.

૭૪ દિવસથી ઈન્ચાર્જથી ચાલી રહેલા સુરતને હવે નવા પોલીસ કમિશનર મળી ગયા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંમ્હા કોમરને મૂકવામાં આવ્યા છે. કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી છઠ્ઠ્ બનાવવામાં આવ્યા છે. હાલ અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિક, અને ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના એડિશનલ ડીજી હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં છે.જ્યારે અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. જેમાં ડીસીપી ક્રાઈમ સેક્ટર વન જોઈન્ટ કમિશનર અને ઝોન વન ડીસીપીની જગ્યા હજી પણ ખાલી રહી છે. બીજી તરફ વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં પણ હજી ઘણા હુકમ થવાના બાકી છે, એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે હજી વધુ એક લિસ્ટ આવે તેવી શક્યતા છે. અમદાવાદ શહેરના ઝોન ડીસીપી તરુણ દુગ્ગલની બદલી કરીને મહેસાણા જિલ્લા એસપી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જે પોસ્ટ ઇન્ચાર્જ તરીકે ચાલતી હતી તે ઝોન-૭માં નવા ડીસીપીની નિમણૂક કરવામાં આવી છે. તેની સાથે સાથે હજી પણ અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ પણ ભરવી પડશે. તેની સાથે ઈકોનોમિક ઓફેન્સ વિંગના ડીસીપીની જગ્યા પણ ખાલી હોવાથી આ ખાલી પડેલી જગ્યાઓ ભરવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# કેસર કેરીના શોખીનોને સ્વાદ ફીક્કો લાગે તેવા ભાવ



## કેરીના પેટીનો ભાવ ૨ હજારથી ૨૪૦૦ જેટલો બોલતાં સામાન્ય માનવી માટે કેરી ચાખવી અઘરી

અમદાવાદ,

ગુજરાતમાં કદાચ એવું કોઈ વ્યક્તિ નહીં હોય કે જેને કેરીનો સ્વાદ પસંદ ન હોય. ઉનાળો આવ્યો છે તો કેસર કેરીના શોખીનો કેરીનો સ્વાદ માણવા તલપાપડ હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ કેરીના ભાવ તમે બજારમાં સાંભળ્યા હશે પરંતુ આ ભાવમાં ઘટાડો થાય તેમ લાગતું નથી. કારણ કે ગ્લોબલ વોર્મિંગ અને કમોસમી માવઠાને કારણે કેરીના પાકને ખરાબ અસર થઈ છે. સૌ કોઈ આકરો ઉનાળો આવ્યો છે તો કેરીનો સ્વાદ માણવા આતુર હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ જ્યારે કેરીના ભાવ પૂછીએ તો લેવાનું મન થતું નથી. આભને આંબે તેવા ભાવથી કેરીનો સ્વાદ માણી શકાય તેમ નથી. સૌ કોઈ એ ઈન્તજારમાં છે કે થોડા સમય પછી ભાવમાં ઘટાડો આવશે. ત્યારે કેરીનું હબ કહેવાતા ભાવનગરના તળાજા તાલુકામાં મોટા પાયે કેરીનો પાક થાય છે. પરંતુ આ વખતે વિષમ તાપમાનને કારણે કેરીનું ઉત્પાદન મોટા પાયે નિષ્ફળ જવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. આ વખતે મહોર આવવાની શરૂઆત તો થઈ હતી, ત્યારબાદ આંબા પર નાની મોટી ખાખટી પણ આવી હતી...પરંતુ શિયાળામાં ઓછી ઠંડી અને ઉનાળો વધુ પડતો તપી જતાં આંબા પરથી મહોર ખરી જવાનું પ્રમાણ વધી ગયું...એટલું જ નહીં એપ્રિલમાં કેરી તૈયાર થઈ જાય છે પરંતુ હાલ આંબા પર અચાનક કપળો ફૂટીને નવા પાન આવવા લાગ્યા છે. જે ચોમાસામાં ફૂટતા હોય છે.

# ગાંધીનગર સાયબર ક્રાઈમના નામે નોટીસ મોકલીને છેતરપિંડીનો પ્રયાસ

અમદાવાદ,

નિકોલમાં રહેતા વેપારીને દવા કંપનીએ કેસ કર્યો હોવાનું કહીને ગાંધીનગર સાયબર ક્રાઇમના નામે દંડ ભરવાનું અથવા ત્રણ મહિનાની સજા અપાવવાનું કહીને કોઇ ગઠિયાએ વોટ્સએપથી બનાવટી લીગલ નોટિસ મોકલી હતી. જે અંગે અમદાવાદ સાયબર ક્રાઇમ દ્વારા ગુનો નોંધીને તપાસ શ કરવામાં આવી છે. નિકોલમાં આવેલા દિવ્યજ્યોત ટેનામેન્ટમાં રહેતા વિષ્ણુભાઇ પંચાલ ઓઢવમાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. ગત ૮મી એપ્રિલના રોજ તેમને અજાણ્યા મોબાઇલ નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે પોતાની ઓળખ ગાંધીનગર સાયબર ક્રાઇમના પીએસઆઇ હેમંતસિંહ તરીકે આપીને જણાવ્યું હતું કે તમે વર્ષ ૨૦૨૨માં ઓનલાઇન દવા મંગાવીને રીસીવ નહોતી કરી અને પરત આપી હતી. સાથેસાથે દવાના ખરાબ રિવ્યું આપ્યા હતા. જેથી અર્બન મેટ્રો કંપનીએ તમારા પર છેતરપિંડી અને અન્ય કેસ બાબતને લઇને કેસ કર્યો છે. આ કેસ પાછો ખેચાવવો હોય તો કોલ કરજો. જો કેસ થશે તો ૩૦ હજારનો દંડ અથવા ત્રણ મહિનાની કેદની સજા થશે. ત્યારબાદ ગાંધીનગર ક્રાઇમબ્રાંચના નામના લેટરપેડ પર નોટિસ મોકલી હતી. જો કે સાયબર ક્રાઇમના નામે કોલ કરીને છેતરપિંડીનો પ્રયાસ કર્યો હોવાથી આ અંગે વિષ્ણુભાઇએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં નોધાયો ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,

કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે.

પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૯ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.સવારના ૫:૦૮ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. ત્યારે આજે પશ્ચિમ કચ્છના વિસ્તારમાં સવારના ૫:૦૮ કલાકે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે.ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાઓ અનુભવાય છે.

# કમ્પાઉન્ડરમાંથી બની ગયા ડોક્ટર

## સુરતમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બે શખ્સ એલોપેથિક દવાના જથ્થા સાથે ઝબ્બે

સુરત

સુરતના પાંડેસરામાં બે અલગ અલગ બનાવવામાં પોલીસે ડુપ્લીકેટ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. બંને ડોક્ટર પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં પણ તેઓ ખાનગી પ્રેક્ટિસ કરતા હતા. ડિગ્રી વગર જ તેઓ ક્લિનિકમાં એલોપેથીક દવાનો જથ્થો રાખતા હતા. જેથી પોલીસે બંને સામે ડુપ્લીકેટ તબીબનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

પોલીસે બંને ડોકટરોની પ્રાથમિક પૂછપરછમાં અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા, ઈન્જેકશન આપવાની માહિતી મેળવી લીધા બાદ જાતે જ ડોક્ટર બની ગયા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા ૩૦ હજારનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

અંતર્ગત જીંય પોલીસના માણસોની અલગ અલગ ટીમો બનાવી શહેરમાં ડિગ્રી વગરના ક્લિનીક ચલાવતા બોગસ ડોક્ટરોને પકડી પાડવાની દિશામાં વર્કઆઉટમાં હતા. બાતમી મળી હતી કે પાંડેસરા વિસ્તારમાં આવેલા બે બોગસ તબીબો દ્વારા ક્લિનિક ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.દવાનો જથ્થો કબજે કર્યો પોલીસે બાતમીના આધારે પોલીસે જિલ્લા પંચાયત હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે અકે ટીમ બનાવી પાંડેસરા ગોવાલક રોડ રામનગર ખાતે આવેલ જગન્નાથ ક્લિનીકમાં ડમી પેશન્ટ મોકલી રોડ પાડી હતી.

# અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૩૭ ટકાનો વધારો

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૨ કરતાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરોની કુલ સંખ્યા ૧.૧૬ કરોડને પાર થઈ છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં વર્ષ ૨૦૨૩ માં એક કરોડથી વધુ પેસેન્જરોએ અમદાવાદ એરપોર્ટથી અવરજવર કરી હોવાનું જાણવા મળ્યુ છે. અમદાવાદથી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિવિધ દેશોમાં ૧૮.૭૩ લાખ પેસેન્જરોએ ઉડાન ભરી છે જયારે ડોમેસ્ટિકમાં૯૭.૮૫ લાખ પેસેન્જરોએ અમદાવાદથી વિવિધ શહેરોની ઉડાન ભરી છે. સૌથી વધુ ઈન્ટરનેશનલના પેસેન્જરો વર્ષ ૨૦૨૩ના ડિસેમ્બરમાં ૧.૯૩ લાખ અને ડોમેસ્ટિકમાં વર્ષ ૨૦૨૩ ના જાન્યુઆરીમાં ૯ લાખથી વધુ પેસેન્જરો નોંધાયા હતા. વર્ષ ૨૦૨૨ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ પેસેન્જરોમાં ૩૭.૯૫% અને ડોમેસકટિક પેસેન્જરોમાં ૩૩ .૦૨%નો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ પરથી દિન-પ્રતિદિન પેસેન્જરોની સંખ્યામાં વૃધ્ધિ થઈ રહી છે.

# ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા

અમદાવાદ,

ગુજરાતમાં હવે બારેમાસ ચોમાસું જેવી સ્થિતિ રહે છે. વર્ષના વચલા દહાડે ગમે ત્યારે કમોસમી વરસાદ આવી ચઢે છે. આવામાં ખરુ ચોમાસું કેવુ જશે તે વધુ મહત્વનું છે. વર્ષ ૨૦૨૪ નું ચોમાસું કેવુ જશે તે માટે ભવિષ્યવાણી આવી ગઈ છે. આગાહીકાર અંબાલાલ પટેલે અત્યારથી જ ચોમાસાની આગાહી કરી છે. આ વર્ષે ચોમાસુ વહેલુ શરૂ થવાની શક્યતા છે.સાથે જ આ વર્ષે ચોમાસુ સારું રહેવાની



શક્યતા હોવા છતાં કેટલાક ભાગોમાં વરસાદની વહેંચણી અનિયમિત રહે તેવી પણ આગાહી છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આ વર્ષે ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા છે. ૧૦થી ૧૨ મે સુધીમાં દેશમાં આંધીવંટોળ સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી શરુ થશે. ૨૩-૨૪ મે સુધીમાં વાદળો આવશે. ૮ થી ૧૨ જૂનમાં ચોમાસાની શરૂઆત થશે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસુ શરું થાય છે. આ વર્ષે આંધીવંટોળ અને ભારે પવન સાથે વરસાદ રહેશે. સારા ચોમાસા અંગે તેમણે કહ્યું કે, ૨૮ જૂનથી રાજ્યના મોટાભાગમાં સારો વરસાદ રહેવાની શક્યતા છે. જુલાઈ માસમાં સારો વરસાદ રહેશે.

# ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર-અક્કલકુવાથી ઝડપાયો

ભરૂચ,

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહા નિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા પેરોલ પર જમ્પ ફરાર આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલ સૂચનાના આધારે ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમ દ્વારા જિલ્લામાં બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતા ફરતા આરોપી દીન મહંમદ બસીર મહંમદ મકરાણીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પકડી સીઆરપીસી કલમ ૪૧ (૧) આઈ મુજબ અટકાયત કરવામાં આવી છે.

# ૩૩% સ્ત્રી અનામતની વાતો પોકળ! રાજકીય પક્ષોની મહિલાઓને ટિકિટ આપવામાં કંજૂસાઈ

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની શરુઆત થઈ ચૂકી છે ત્યારે સૌથી મહત્વનો મુદ્દો એ ઉઠે છે કે - મહિલા સશકતિકરણની ગુલબાંગો પોકારતા રાજકીય પક્ષો તરફથી કેટલી ટિકિટો મહિલાઓ માટે ફળવાઇ? ૩૩ ટકા અનામતની વાતો કરતી ભાજપ સરકારે પણ ટિકિટ ફાળવણીમા મહિલાઓ ને કેટલુ મહત્વ આપ્યું? જો ગુજરાતના રાજકીય ઇતિહાસની વાત કરીયે તો ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ





વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારથી ૨૦૧૯ સુધીમાં ૩,૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતા.

આમાં માત્ર ૧૬૦ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. સંસદમાં ગુજરાતમાંથી મહિલાનું પ્રતિનિધિત્વ ઓછા પ્રમાણમાં રહેવાનું કારણ મહિલાઓ રાજકારણથી દૂર રહેવા માંગે છે અથવા રાજકીય પક્ષો દ્વારા પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપવામાં આવતી નથી તે છે દેશમાં ૩૩% મહિલા અનામત ની વાતો કરનાર રાજકીય પક્ષો પણ આ મામલે ઉદાસીન રહ્યા છે.

જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક રાજ્ય હતા ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક પરથી જોહરબેન ચાવડા સાંસદના પદ પર રહ્યા હતા. ૧૯૬૨માં અમરેલીની બેઠક પરથી જયાબેન શાહ અને બનાસકાંઠાની બેઠક પરથી જોહેરા બેન ચાવડા વિજેતા બન્યા હતા.

૧૯૭૭ની ચૂંટણીમાં મહેસાણાની બેઠક પરથી મણીબેન પટેલ એકમાત્ર વિજેતા મહિલા ઉમેદવાર હતા. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર સાંસદ બન્યા ન હતા, ૧૯૮૪માં કચ્છની બેઠક પર ઉષાબેન ઠક્કર વિજેતા થયા હતા. ૧૯૯૮એ ૯૯ અને ૨૦૦૪ એમ સળંગ ત્રણ ટર્મ સુધી વડોદરાની બેઠક પર જયાબેન ઠક્કર સાંસદ રહ્યા હતા.

# હાર્દિક પટેલની ૪૦ સ્ટાર પ્રચારકમાં બાદબાકી : અલ્પેશનો સમાવેશ

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર થઈ છે. ગુજરાતમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી માંડીને કુલ ૪૦ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા પણ સ્ટાર પ્રચારકમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક સમાચાર એ છે કે એક સમયે કોંગ્રેસમાં હેલિકેપ્ટર લઈને દેશમાં ગમે ત્યાં પ્રચાર કરવા માટે જનાર હાર્દિક પટેલની સ્ટાર પ્રચારકમાંથી બદબાકી કરી નાંખવામાં આવી છે.


પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો અને છટાદાર ભાષણ માટે જાણીતો હાર્દિક પટેલને એક સમયે કોંગ્રેસમાં જબરું રાજકીય પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેની ટોચના સ્ટાર પ્રચારકમાં સમાવેશ કરાયો હતો અને હાર્દિક પટેલને ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસે અલગથી હેલિકોપ્ટર ફાળવ્યું હતું. લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસ એક સમયે ગુજરાતમાં હાર્દિક પટેલ સૌથી મોટો પ્રચારક બન્યો હતો. કૉંગ્રેસે હાર્દિક પટેલને અલગ-અલગ જગ્યાએ પ્રચાર કરવા માટે હેલિકોપ્ટર ફાળવ્યું હતું. હાર્દિક પટેલ વધુમાં વધુ પ્રચાર કરી શકે તે માટે કૉંગ્રેસે તેને હેલિકોપ્ટર ફાળવ્યું હતું.

પાટીદાર આંદોલનમાંથી બહાર આવેલા હાર્દિક પટેલ એક સમયે કોંગ્રેસમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પછી હાર્દિક પટેલ ગુજરાતમાં ત્રીજા નંબરનો સ્ટાર પ્રચારક બની ગયો હતો. પરંતુ હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ ખરેખર પાર્ટીની ખિસકોલી બનીને રહી ગયો છે.

# સાવરકુંડલા કબીર ટેકરી આશ્રમ દ્વારા રામનવમી નીમિતે ભવ્ય લાઈવ ઝાંખી યોજાશે

સાવરકુંડલાઃ

સાવરકુંડલા શહેરના દેવળા ગેઈટ ખાતે કબીર ટેકરી સેવક સમુદાય અને કબીર આશ્રમના મહંત પૂજ્ય નારાયણદાસ સાહેબ દ્વારા શહેરની મધ્યમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના અવતરણ દિવસ નિમિત્તે અયોધ્યા ખાતે નવનિર્માણ પામેલ ભવ્ય રામ મંદિર અને ભગવાન શ્રીરામ, જાનકીજી, લક્ષ્મણ અને હનુમાનજી મહારાજની આબેહૂબ લાઈવ ઝાંખી પ્રદર્શન કરવામાં આવશે.



કબીર ટેકરી આશ્રમના પૂજ્ય મહંત નારણદાસ સાહેબના આશીર્વાદથી શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે રામનવમી પૂર્વ સંધ્યાએ

રામનવમીનો પવિત્ર તહેવાર નજીક આવી રહ્યો છે અને સાવરકુંડલા શહેરમાં ઠેર ઠેર રામજન્મોત્સવની ઉજવણીની ભારે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમવાર રામલલ્લાની ભવ્ય લાઈવ ઝાંખીનું તારીખ ૧૬-૪ ને મંગળવારે રાત્રે સાવરકુંડલાના દેવળા ગેઈટ ખાતે કરવામાં આવશે આ ઝાંખીમાં રામલીલાના દ્રશ્યોનું સુંદર નિરૂપણ કરવામાં આવશે તેમજ ૩૦ ફૂટ બાય ૧૬ ફૂટનું ભવ્ય રામમંદિર અને મહાઆરતી કરવામાં આવશે તો જેના દર્શન કરવા સમગ્ર અમરેલી જીલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી ધર્મપ્રેમી ભાઈઓ બહેનો આ ભવ્ય ઝાંખીમાં ભાગ લેવા માટે શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ અને કબીર ટેકરી દ્વારા અપીલ કરવામાં આવી છે.એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# રાજેશ ચુડાસમાનો ચૂંટણી કાર્યક્રમ આલીદર ગામે યોજાયો



ઉનાઃ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામે આજે દસ વાગે પાંચ જિલ્લા પંચાયતના વિસ્તારમાં આલીદર જિલ્લા પંચાયત ૧૦મા આજે રાજપુત સમાજ ના હોલ મા લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ સુડાસમા ના પ્રચાર અર્થે આજે આલીદર ગામે જિલ્લા પંચાયત હેઠળ આવતા તમામ જન મેદની ને સંબોધી તમામ મતદાતાઓને જોષ અને જુસ્સો આપી ત્રીજા ટ્રમ માટે રાજેશભાઈ સુડાસમા ને જંગી બહુમતીથી ચુંટી કાઢવા જંજાવાતિ પ્રવચન કરી આ તકે જુનાગઢ જિલ્લાના પૂર્વ સંસદ સભ્ય શ્રી દિનુભાઈ સોલંકી તથા કોડીનારના ભાજપના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા તથા કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી શીવાભાઈ સોલંકી તથા જિલ્લા પ્રમુખ શ્રી પિઠીયા તથા જિલ્લા તાલુકા પંચાયત સદસ્યો તેમજ આલીદર ગામના તમામ આગેવાનો અને જન મેદની ને સંબોધિ લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ સુડાસમા ને એ જંગી બહુમતીથી ચુંટી કાઢવા આલીદર ગામે ચૂંટણી પ્રચારનો શ્રી ગણેશ કરેલ

# નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઈ.બી. દ્વારા ફિશરમેન વોચ ગૃપની મીટીંગનુ આયોજન કરવામાં આવ્યું

ઉનાઃ

નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઈ.બી. દ્વારા ફીશરમેન વોચ ગૃપના સભ્યો સાથે સીમર ગામે નક્કી બંદર ખાતે મીટીંગ રાખવામાં આવેલ હતી.



સદર મીટીંગમાં નવાબંદર મરીન પોલીસ તથા સ્ટેટ આઈ.બી. દ્વારા ફિશરમેન વોચ ગૃપના સભ્યોને ગૃપ બનાવવાના ઉદેશ્યની સમજ કરી, વિશ્વાસમાં લઇ દરિયાકાંઠા વિસ્તારોમાં સંભવી શકે એવી આતંકી પ્રવૃત્તિ, માદક પદાર્થો / શસ્ત્રોની હેરાફેરી, અજાણ્યા ઈસમોની શંકાસ્પદ હિલચાલ બાબતે તેમજ શંકાશીલ જણાતી કોઈપણ પ્રવૃતિ બાબતે માહિતી મેળવવા માટે યુક્તિ પ્રયુક્તિથી વાતચીત કરી તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ તેમજ ઉપસ્થિત સભ્યોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ બાબતે તાત્કાલિક પોલીસને તેમજ આઈ.બી.ના અધિકારીઓને જાણ કરવા સમજ કરવામાં આવેલ.

આ મીટીંમાં શ્રી પી.જે.બાંટવા SI નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એમ.એલ. સોલંકી ASI નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એમ.આર.સોલંકી LIB HC નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, શ્રી એચ.બી.ચાવડા HC SOG ગીર સોમનાથ, અમો વી.બી.લીંબાસીયા (AIO ઉના કોસ્ટલ સેન્ટર), શ્રી એન.બી.બાંભણયા (AIO ઉના કોસ્ટલ સેન્ટર), SRD સભ્યો, વોચ ગૃપના સભ્યો સહિત ૧૫ લોકો હાજર રહેલ હતા.

# દેલવાડાથી જૂનાગઢ જતી ટ્રેન અને ખાનગી ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત

## ગામ વચ્ચે ખુલ્લા ફાટકમાં અકસ્માત,કોઈ જાનહાની નહિ, બસ ડ્રાઈવરને ઈજા

ઉના :ગીરગઢડાના પિછવી અને હડમડીયા ગામ વચ્ચે ખુલ્લા રેલ્વે ફાટક પર દેલવાડા-જૂનાગઢ રૂટની લોકલ ટ્રેન સાથે ખાનગી ટ્રાવેલ્સ હડફેટે બસ પલ્ટી ખાઈ હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે ખાનગી બસમાં કોઈ મુસાફરો ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. જેમાં ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવેલ. ટ્રેનમા બેઠેલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.





ગીરગઢડાના પીછવી અને હરમડિયા ગામ વચ્ચેથી આવેલ ખુલ્લા ફાટક વચ્ચે દેલવાડા-જૂનાગઢ રૂટની લોકલ ટ્રેન તેમજ ખાનગી ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કામધેનુ નામની ખાનગી ટ્રાવેલ્સ હરમડિયા થી સુરત જવા નીકળેલી હતી. ત્યારે દેલવાડા થી આવતી ટ્રેન પોતાના સમયે પસાર થઈ રહી હતી. એ દરમિયાનખાનગી બસ નં.જી જે ૨૬ ટી ૬૨૩૨ પીછવી અને હરમડિયા ગામ વચ્ચેથી આ બસ ખુલ્લા ફાટક પરથી પસાર થઈ હતી. ત્યારે ટ્રેનના હડફેટે ખાનગી ટ્રાવેલ્સ બસ આવતા ધડાકાભેર અકસ્માત સર્જાતા બસ દૂર સુધી ઢસડાઈ પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત સર્જાતા બસમાં કુલ ત્રણ વ્યકિતઓ હોવાનું જાણવા મળેલ જેમાં એક બસ ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચતા સારવાર અર્થે ગીરગઢડા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. જ્યારે બસમાં ત્રણ વ્યકિતઓ અને ટ્રેનમાં બેઠેલા મુસાફરોનો પણ આબાદ બચાવ થયો હતો. અને સદનસીબે મોટી દુઘર્ટના ટળી હતી. આ અકસ્માતમાં ટ્રેનના આગળના ભાગને નુક્સાન થયેલ જયારે બસનો આગળના ભાગનો મોરો કાચ તૂટી પડ્યો હતો.

ટ્રેન અને બસ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા ટ્રેનમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. અને આજુબાજુના તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોનાં ટોળેટોળાં ઉમટી પડયા હતા. જોકે હડમડીયા થી પીછવી જવાનો મુખ્ય રસ્તો હોય રેલ્વે ફાટક પર જ ટ્રેન અને બસ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોનો ટ્રાફિક જામ થઈ ગયો હતો. અને બસ ટ્રેન સાથે અથડાતા રેલ્વે વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયેલ હતો. અને બસને દૂર ખસેડવામાં આવેલ. આ અકસ્માતને પગને ટ્રેનમા મુસાફરો કલાકો સુધી અટવાયા હતા.

# મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો થકી લોકોને મતદાન કરવા પ્રેરિત કરાશે

ગીર સોમનાથઃ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી, વેરાવળ ખાતે જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મિટિંગ યોજાઈ હતી.




આ મિટિંગમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મતદાન જાગૃતિ માટે જિલ્લામાં SVEEP અને TIP (ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન)ના માધ્યમથી વિવિધ કાર્યક્રમોના આયોજન થકી વધુમાં વધુ લોકો લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બને એ રીતે સુનિયોજીત આયોજન માટે ઉપસ્થિત સર્વ અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતું.

મિટિંગમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી રાજેશ આલ TIP અંતર્ગત વેરાવળ, કોડિનાર, તાલાલા, ઉના વગેરે સ્થળોએ યોજાનાર 'મતદાન મથકને જાણો', સેલ્ફી કેમ્પેઈન, ફ્લેશ મૉબ, કેમ્પસ એમ્બેસેડર દ્વારા સોશ્યલ મીડિયા મીટ સહિત ૧૫ દિવસ દરમિયાન યોજાના TIP (ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન)ના સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

નોંધનીય છેકે, જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા 'ચૂંટણી પર્વ- દેશ કા ગર્વ' માં ઉત્સાહપૂર્વક લોકો સહભાગી બને તે માટે તા.૨૨ એપ્રિલથી TIP અંતર્ગત ૧૫ દિવસ દરમિયાન સોશ્યિલ મીડિયા ઈન્ફ્લૂએન્સરના માધ્યમ થકી, મહિલા ગૃહ ઉદ્યોગ, આંગણવાડી, આશાવર્કર બહેનો, વિવિધ ફેક્ટરીઓના કામદારો, શ્રમજીવીઓ, માછીમારો, સીદી સમૂદાય સહિત શહેરની વિવિધ સોસાયટીઓના ચેરમેન, દુકાનદારો, વેપારીઓ સાથેની મતદાન જાગૃતિની મિટિંગોના આયોજન વડે તેમજ મહેંદી, રંગોળી, નાટક, પોસ્ટર્સના માધ્યમથી વધુમાં વધુ લોકો લોકશાહીના મહાપર્વમાં મતદાન કરી પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરે એવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

આ મિટિંગમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પલ્લવી બારૈયા, વેરાવળ પ્રાંત અધિકારીશ્રી વિનોદ જોશી સહિત શીર્ષ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉનામાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ



કૈલેશ ભટ્ટ ઉનાઃભારત રત્ન વિશ્વવિભૂતિ સમાજ ઉધ્ધારક ભારતીય સંવિધાન રચયિતા મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતી ઉત્સવ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના અનુક્રમે અનુ.જાતિ મોરચાના સંયુક્ત ઉપક્રમે ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કે સી રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉના શહેર અને ગીરગઢડા તાલુકાના ધારાસભ્યના ભાજપ કાર્યાલય ખાતેથી ઢોલ શરણાઈ સાથે વાજતે-ગાજતે ત્રિકોણબાગ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ત્રિકોણ બાગ ખાતે ધારાસભ્ય કે સી રાઠોડએ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, તા.ભા. પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, ગીરગઢડા તા. પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ગીરગઢડા તા. પંચાયત પ્રમુખ ભગવતીબેન સાંખટ, ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, જીલ્લા ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પૂનમચંદભાઈ ઝાલા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક, તાલુકા ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ અરજણભાઈ ચૌહાણ, શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રમુખ નાથાભાઈ ચૌહાણ, નગર પાલિકાના સદસ્ય વિજયભાઈ રાઠોડ, ગીરીશભાઈ પરમાર, તાલુકા ભાજપ અનુ.જાતી મોરચાના ઉપપ્રમુખ બોઘાભાઈ ચૌહાણ, મહિલા મોરચાના પ્રમુખ તેજલબેન ગોસ્વામી, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકાના સદસ્યઓ સંગઠનના હોદ્દેદારો સહીત ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મોમાઈ ધામ પુંજા આપા આશ્રમ ખાતે ભાગવત કથાનું આયોજન



સાવરકુંડલાઃસાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે શ્રી મોમાઈ ધામ પુંજા આપા આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં સમસ્ત ઢગલ પરિવાર તેમજ મેવાસા ગામના ગ્રામજનો દ્વારા સંયુક્ત ઉપક્રમે આ કથાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આજે કૃષ્ણ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવેલ અને રબારી સમાજના પ્રમુખ મેહુલભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા આપવામાં આવેલા પ્રસંગિક પ્રવચનમાં. સમાજની દીકરી દીકરાઓને અભ્યાસ કરાવવા તેમના માત પિતાને અપીલ કરવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે ખાસ ઉપસ્થિતિ વડવાળા દુધરેજની જગ્યાના મહંત શ્રી ૧૦૦૮ કણીરામ બાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ભાવભર્યુંસામૈયું કરવામાં આવેલ.. તેમજ આવેલ સંતો મહંતોનું પણ સન્માન કરવામાં આવેલ. કણીરામ બાપુ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કેસમાજની એકતા અખંડિતતા ટકી રહે તે માટે એક થવા હાકલ કરી અને સમાજના તમામને તમામ વ્યસનથી દૂર રહેવા જણાવેલ અને સમાજના દીકરા દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવવા કણીરામ બાપુએ જણાવેલ અને દુધરેજધામ અને વડવાળા દેવનો મહિમા જણાવેલ અને મેવાસા ગામ અને આશ્રમ સાથેનો નાતો અને સહકાર આપવા અપીલ કરવામાં આ પ્રસંગે મેવાસા ગામના કાઠી ક્ષત્રિય સમાજ પણ હાજર રહ્યા હતા એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું

# સાવરકુંડલાની પ્રાથમિક કન્યા શાળા નંબર ૨માં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા



સાવરકુંડલાઃસાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક પાસે આવેલ શ્રી બ્રાંચ શાળા નંબર ૨ કન્યા શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા ,જેમાં ધોરણ ત્રણ થી પાંચની નાની દીકરીઓની ચોથી એપ્રીલ ૨૦૨૪ થી વાર્ષિક પરીક્ષા શરૂ થઈ તેમને ગોળથી મોટું મીઠું કરાવી ચાંદલો કરી અને પેન્સિલ આચાર્યાશ્રી ભારતીબેન રાઠોડ અને એસએમસીએ આપી. ધોરણ છ થી આઠની મોટી દીકરીઓની તારીખ ૧૩ એપ્રિલથી પરીક્ષા શરૂ થઈ તેમને પણ ગોળથી મોટું મીઠું કરી ,ચાંદલો કરી અને પેન દરેક દીકરીઓને આચાર્યાશ્રી ભારતીબેને આપી, દર વર્ષેના જેમ આ વર્ષે પણ ધોરણ ૮ ની દીકરીઓ જે આ શાળામાંથી વિદાય લે છે,તેમના હાથના પંજાની છાપ ધોરણ આઠની વિદાય લેતી દિકરીઓના "મારી લાડકી રે પ્રોજેક્ટ "અંતર્ગત પ્રોજેક્ટ ફાઈલ તૈયાર કરવાંમા આવે છે,દરેક ધોરણ આઠની દીકરીઓ જે છે તેમને શાળાંત પ્રમાણપત્ર આચાર્યાશ્રી અને એસએમસી દ્વારા આપવામાં આવ્યું હતું,અને એ દીકરીઓના તમામ ડોક્યુમેન્ટસ રાખી અને તેની હાથના પંજાની છાપ યાદી સ્વરૂપે શાળાએ એક પ્રોજેક્ટ અંતર્ગત ફાઈલિંગ કરેલ એલીમેન્ટરી એકઝામ ચિત્ર સ્પર્ધાની અંદર જે દીકરીઓના એ ગ્રેડ અને બી ગ્રેડ આવ્યા છે, તેમને પણ પ્રમાણપત્ર સી.આર.સી. આચાર્યાશ્રી દ્વારા આપવામાં આવેલ. તેમ આચાર્યાશ્રી ભારતીબેનની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# નાથ સમાજના સમાધિ સ્થાન ફરતે તાર ફેન્સીગ,કમ્પાઉન્ડ દીવાલ બનાવવા માંગ

સાવરકુંડલાઃસાવરકુંડલાના વિજયાનગર રોડ પર મોમાઈ માતાજીના મંદિર પાસે નાથજી સાધુ સમાજનું સમાધિ સ્થાન આવેલ છે જે સમાધિ સ્થાન હાલ સાવ ખુલ્લુ હોવાથી તેમની ફરતે તાર ફેન્સિંગ અથવા કમ્પાઉન્ડ દીવાલ બનવવાની સમસ્ત નાથજી સમાજના લોકો દ્વારા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર પાસે માંગ કરવામાં આવી હતી. સાવરકુંડલા નાથજી જ્ઞાતિ સમાંજ જ્ઞાતિનું સ્મશાન સાવરકુંડલા ગામમાં મોમાઈ માતાજીના મંદિર પાસે વિજયાનગર રોડ ઉપર



આવેલ છે. આ સમશાનમાં હાલ કોઈ ફેન્સીંગ કે પાળ બાંધેલ નથી હાલ તદન ખુલુ છે જેથી આ સ્મશાનમાં ગાય, ભુંડ, કુતરા વિગેરે આવીને સ્મશાનામાં આપવામાં આવેલ સમાધીઓને નુકશાન પહોચાડી રહ્યા છે એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

# શિવ મહાપુરાણ કથાનું મોટા દડવાના ધીંગેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં સમાપનઃ નવ દિવસની કથા દરમિયાન ભક્તો શિવમાં થયા લિન

ગોંડલઃ શિવ હી જીવ, જીવ હી શિવ, શિવ મહાપુરાણ કથાનું ગોંડલ, મોટા દડવાના ધીંગેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, પ.પૂસંત શ્રી આનંદદાસજી બાપુની પ્રેરણા થી આ શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ભવ્ય શિવ મહાપુરાણ કથાના વક્તા પૂજ્ય શ્રી ગિરિબાપૂના મુખે ભક્તોએ શિવ મહિમા કથા સાંભળી હતી,શિવ કથા મહાપુરાણનું આયોજન ધીંગેશ્વર મહાદેવ મંદિર (આનંદ આશ્રમ) સમસ્ત મોટાદડવા ગામના લોકો દ્વારા કરવામાં આવ્યું હતું, જે કથા દરમિયાન રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીયમંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા સહીત મહાનુભાવો કથા દરમિયાન દર્શનનો લાભ લીધો હતો, આ કાર્યક્રમમાં નવે નવ દિવસ છાસ, દૂધ અને ઘોરવાના દાતા ગોપાલભાઈ ભીખાભાઈ ડાંગર અને જયદીપભાઈ લાભભાઈ ડાંગરની સેવા દ્વારા કરવામાં આવ્યું હતું, આ શિવ મહાપુરાણ કથા તારીખ :૦૭/૦૪/૨૦૨૪એ શરુ થઇ હતી અને ૧૫/૦૪/૨૦૨૪ આજે તેનું સમાપન થયું હતું, આ કથાને પૂજ્ય મોરારી બાપુ અને ગુજરાત રાજ્યના મહા મહિમા રાજ્યપાલ દેવવ્રતજીએ શુભેચ્છા સંદેશ પણ આપ્યો હતો, કથા દરમિયાન રોજ રાત્રે સંતવાણી અને લોક ડાયરોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે બપોરે ભક્તોને મહા પ્રસાદ અને રાત્રી દરમિયાન મહા પ્રસાદનું પણ આયોજન કથા દરમિયાન કરવામાં આવ્યું હતું, નવ દિવસની કથા દરમિયાન લાખો શિવભક્તો શિવ ભક્તમાં લિન થયા હતા જયારે સેવા કાર્યોની વાત આવે તો અનેક દાતાશ્રીઓ આર્થિક સેવા આપી પોતે શિવની ભક્તિમાં લિન થયા હતા, આ શિવ કથા દરમિયાન સમસ્ત ગામ લોકોએ પણ ખભે ખભ્ભો



મિલાવી સેવા કાર્યમાં જોડાયા હતા, કથા દરમિયાન સમસ્ત ગામ હર હર ભોલેના નાદ સાથે શિવ મય બની ગયું હતું.

# જાત્રા કરી પરત ફરતા યાત્રાળુઓનું સ્વાગત



ઉનાઃ હરમડિયા ગામેથી ૩૦ સભ્યોની ટીમ જાત્રા કરવા ૧૩ દિવસના પ્રવાસે ગયેલ હતા જેમાં અયોધ્યા રામ મંદિર હરદ્વાર કાશી વિશ્વનાથ વારાણસી વગેરે ધાર્મિક સ્થળો ના દર્શન કરી પુણ્યનું ભાથુ બાંધી આજરોજ હરમડિયા ગામે બપોરના ૧૨:૦૦ વાગે જુનાગઢ દેલવાડા ટ્રેનમાં ઉતરતા હરમડિયા ગામના લોકો તેમજ બાળાઓએ સ્વાગત કરી હરમડિયા ગામે ચોકમાં આવેલ માં અંબા માના મંદિરે ગામ લોકોએ તેમજ બાળકો તેમજ નવદુર્ગા મંડળ ના સભ્યો તથા હરમડિયા ના સામાજિક યુવા કાર્યકર શ્રી ડોબરીયા ઘનશ્યામભાઈ એ સ્વાગત કરી અબીલ ગલાલ થી તેમજ ફુલ થી વધાવી સ્વાગત કરી ગામ લોકોમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળેલ

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે. અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.'ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

# સંગઠિત ખેડૂતો મૂલ્ય વૃદ્ધિથી વિકાસ સાધે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૨૦૨૧-૨૨ માં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર ૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઇંન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૬ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડીને ભૂજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે મિલમાં યાર્ન, તાર તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૮૦૦ મણ કપાસમાંથી ૫૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક'નું પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓક્સફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ.૧૧૦૦ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ એડિશનના કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનીક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદિવસ્ત્ર મૂલ્યવૃદ્ધિની પ્રવૃત્તિ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી- સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીએ તો કહેવું પડ્યું, "આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક મણ કપાસના રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૧.૬૦ લાખ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એફ.પી.ઓ દ્વારા આ કપાસને ધ્રાંગધ્રા ખાતે સજીવ ખેતી કપાસમાં જિનિંગ કરાવી યાર્નને નિટિંગ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને એકંદરે રૂ.૮૦,૦૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કચ્છના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે. પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ફાર્મસ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન યોજી ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવા પ્રયત્ન કર્યા. આથી આપણી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રુરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત ખેતસેવા કેન્દ્રોએ દૂર-દરારનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

તેથી આગળ વધી માંડવી એફ.પી.ઓ.એ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે. "પ્રામાણિક ધંધો અને વાજબી નફો"ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના ખેડૂતમંડળે ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તારી છે, પોતાનાં ૭ સેવા કેન્દ્રોથી આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેતી આનુષંગિક સેવાઓથી આવરી લીધાં છે.

ખેત પેદાશમાં મૂલ્ય વર્ધનની ત્રીજી હકીકત જોઈએ તો હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે, જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ખદબદતા ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ. આઈ. એમ.ના સહકારથી કચ્છનાં ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરવામાં આવી છે. ખારા-ભાંભળા પાણીથી ઊછરતા ગુજરાત હાઇબ્રિડ એરંડા-૧ નામની વેરાઈટિવાળા આ દિવેલાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાનાં બીજનો માળ (લૂમખા) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી "બોબક્સ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાફકટર ફિટ કરતાં તેનાં ડાળખાંના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. સજીવ ખેતી પદ્ધતિથી તૈયાર થતા એરંડા તેલના ભાવ પણ ઘણા ઊંચા રહે છે. એટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની કોઈને ફુરસદ નથી ત્યારે કપાસના પૂંભડાનું કુરતું બનાવનાર, તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર કચ્છી માડુઓને સલામ ખપે છે.

કચ્છની ખેતી નર્મદાનાં નીરની કાગડોળે રાહ જોઈ રહેલ છે. અને ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. "પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો સમય દેખાય તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમજ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત સાર્થક થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થસમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય. સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એફ.પી.ઓ. જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

# ખાવડામાં અદાણીનો ગ્રીન એનર્જી પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો

**આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરશે**

સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે અને ભારતીય ઉદ્યોગપતિઓ દરેક ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ વધારી રહ્યા છે. જો આપણે ઉર્જા ક્ષેત્રની વાત કરીએ, તો અબજોપતિ ગૌતમ અદાણી આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને તેથી જ તેમનું અદાણી જૂથ ગુજરાતના ખાવડાની ખરાબાની જમીન પર વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યો છે. ખાવડામાં અદાણીનો પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો છે.

પાકિસ્તાનની બાજુમાં આવેલો આ ગ્રીન એનર્જી પ્લાન્ટ આ સેક્ટરમાં અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે આ પ્લાન્ટ તૈયાર કર્યો છે. ગુજરાતના ખાવરામાં પાકિસ્તાન બોર્ડર પાસે બનેલા આ પ્લાન્ટમાં સૌર ઉર્જા અને પવન ઉર્જામાંથી ગ્રીન એનર્જી જનરેટ કરવામાં આવશે. આ પ્લાન્ટના કદની વાત કરીએ તો, અદાણીનો આ પ્લાન્ટ લગભગ ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે પેરિસના કદ કરતાં




લગભગ ૫ ગણો છે. પેરિસ ૧૦૫.૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી તેમના પ્રોજેક્ટના સંબંધમાં વર્ષ ૨૦૨૨માં પહેલીવાર ગુજરાતના ખાવડા આવ્યા હતા, ત્યારે આ સ્થળ જોયા પછી આ પછી, તેમના જૂથ અદાણી જૂથે આ ઉજ્જડ જમીન પર માત્ર સોલાર પેનલ્સ જ લગાવી નથી, જે સૂર્યના કિરણોને વીજળીમાં રૂપાંતરિત કરશે, પરંતુ ખારા પાણીને પંપ કરવા માટે મિલો, મજૂર વસાહતો અને ડિસેલિનેશન પ્લાન્ટ પણ સ્થાપિત કર્યા છે.

રિપોર્ટ અનુસાર, હાલમાં આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરવાની છે. અદાણી ગ્રીન એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈનના જણાવ્યા અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ તેને ૪ ગીગા વોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. જ્યારે ગૌતમ અદાણીનો આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરશે, ત્યારે તે ૩૦ ગીગા વોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરશે. જેમાંથી ૨૬ ગીગા વોટ સોલારમાંથી અને ૪ ગીગા વોટ પવન ઉર્જામાંથી ઉત્પન્ન થશે. કંપનીનું કહેવું છે કે ખાવરા પ્લાન્ટ તેની ટોચ પર ૮૧ અબજ યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોના સમગ્ર વપરાશ કરતાં વધુ છે.

દેશની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી ખાવરામાં સ્વચ્છ વીજ ઉત્પાદન માટે આશરે રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરી રહી છે. અદાણી ગ્રૂપ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ પ્રોજેક્ટને જોઈ રહ્યું છે. છેલ્લી માનવ વસાહત જ્યાં આ છર્ચ્ઈન પ્લાન્ટ છે ત્યાંથી ૮૦ કિલોમીટરના અંતરે છે. આવી સ્થિતિમાં, અદાણી જૂથ લગભગ ૮૦૦૦ કર્મચારીઓ માટે કોલોની અને અન્ય મૂળભૂત સુવિધાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. કામદારોને પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડવાની સાથે કંપની મોબાઈલ ફોન રિપેરિંગ શોપ જેવી સેવાઓ પણ પૂરી પાડવાની તૈયારી કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૦૪ અબજ ડોલર છે. આ સંપત્તિના આંકડા સાથે તેઓ વિશ્વના ૧૪મા સૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની શરૂઆતથી ૨૦૨૪ સુધી તેમની સંપત્તિમાં ૧૯.૨ અબજ ડોલરનો વધારો થયો છે.

# પરમ શક્તિની અનુભૂતિનો અવસર એટલે ચૈત્રી નવરાત્રી

**વિશ્વમાં શક્તિ સર્વોપરી છે, શક્તિ થકી સહદેવ પૂજાય છે જો શક્તિન હોય તો માનવી સાવ નિર્બળ બની જાય, આ જગતમાં શક્તિમાન માનવી જ સુખી થઈ શકે, હેલ્થ વેલ્થ અને હેપીનેસનો આધાર શક્તિ છે અને આથી જ શક્તિની ઉપાસના દરેક માનવીએ કરવી આવશ્યક છે**

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

સમયની ગતિ અનંત છે સમયની સાથે બધું ગતિશીલ છે ધરતી પર ગતિશીલ છે તે એક વર્ષમાં સૂર્યની ફરતી એક પ્રદિક્ષણા કરે છે તેમાં ચાર વખત એવો સમય આવે છે કે જ્યારે બ્રહ્માંડમાં શક્તિનો પ્રભાવ સવિશેષ હોય છે અને આથી જ વર્ષમાં ચાર વખત નવરાત્રી ઉજવવામાં આવે છે અને આથી જ વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચૈત્રી (વસંત) નવરાત્રી: શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુપ્ત (અષાઢ) નવરાત્રી: ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઇ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુક્લ પક્ષ (અષાઢ સુદ - અજવાળીયું) દરમ્યાન અનુસરવામાં આવે છે.

શરદ (આસો) નવરાત્રી: આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી આસો મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણકે તેની ઉજવણી શરદ ઋતુમાં અશ્વિન શુક્લ પક્ષ (આસો સુદ - અજવાળીયું) થાય છે.

પુષ્ય (પોષ) નવરાત્રી: પુષ્ય નવરાત્રી પોષ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પુષ્ય નવરાત્રી પોષ શુક્લ પક્ષ (પોષ સુદ - અજવાળીયું) દરમ્યાન ઉજવવામાં આવે છે.

માઘ નવરાત્રી: માઘ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, મહા (જાન્યુઆરી-ફેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રી માઘ શુક્લ પક્ષ (મહા સુદ - અજવાળીયું) દરમ્યાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર કે ચૈત્રી નવરાત્રી પણ કહેવાય છે, કારણકે કે ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

શરદ નવરાત્રી

અશ્વિન/આસો મહિનાના અજવાળીયા પક્ષમાં તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં પ્રતીપદાથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૭ના વર્ષમાં નવરાત્રી ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પૂરી થશે.

ચૈત્ર નવરાત્રીનો ગઈકાલે પ્રથમ દિવસ હતો. આ દિવસ માતા શૈલપુત્રીને સમર્પિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને માતાના આશીર્વાદથી વ્યક્તિને વિવિધ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.

ચૈત્ર નવરાત્રીની શરૂઆત થઇ ગઈ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે નવરાત્રીમાં માતા દુર્ગાપોતાના ભક્તો વચ્ચે રહે છે અને માતા રાણીને પ્રસન્ન કરવા માટે ભકતો ઘણા પ્રકારના ઉપાય કરે છે. જો તમે પણ માતારાણીને પ્રસન્ન કરવા માંગો છો અને રાહુ, કેતુ સાથે શનિથી પરેશાન છો તો આ ખબર તમારા માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આજે અમે જણાવશું કે જો તમે રાહુ, કેતુ અને શનિથી પરેશાન છો અને એનાથી મુક્તિ મેળવવા માંગો છો તો ચૈત્ર નવરાત્રીમાં જ્યોતિષ શાસ્ત્ર દ્વારા જણાવવામાં આવેલા કેટલાક ઉપાય કરી મુક્તિ મેળવી શકો છો.

આ ચૈત્ર નવરાત્રીમાં તંત્ર-મંત્ર, જપ તપ અને ઉપાય કરવાનું વિધાન છે. જે પણ ભક્ત રાહુ કેતુ અથવા શનિની પરેશાન છે એમણે આ નવરાત્રીમાં કેટલાક ઉપાય કરવા જોઈએ. જો તમે પણ નવરાત્રીમાં જીવનમાંથી દરેક મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માંગો છો, તો નવરાત્રીમાં જરૂર કરો આ ઉપાયપ

ચૈત્ર નવરાત્રી દરમિયાન કેટલાક ખાસ ઉપાય કરવાથી રાહુ અને કેતુને શાંત કરી શકાય છે. રાહુ અને કેતુને શાંત કરવા માટે નવરાત્રીના ૯ દિવસ સુધી બ્રહ્મ મુહૂર્તમાં જાગીને સ્નાન કર્યા પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

આ સિવાય જો તમે નવરાત્રીના ૯ દિવસ સુધી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કરશો તો તમને રાહુ અને કેતુથી મુક્તિ મળશે.

રાહુ, કેતુ અને શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે નવરાત્રીના નવ દિવસ સુધી ભગવાન શિવને લવિંગ અર્પણ કરવા જોઈએ. આમ કરવાથી આર્થિક સમસ્યાઓથી રાહત મળે છે અને રાહુ અને કેતુની સાથે શનિની ખરાબ અસર પણ દૂર થઈ જાય છે.

તમારે નવરાત્રીના ૯ દિવસ તમારી ક્ષમતા મુજબ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. એવું કહેવાય છે કે આવું કરવાથી શનિદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે.

વર્ષમાં એક વખત આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે 'દસ દિવસ' એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે, જેને વિજયાદશમી કહેવાય છે, જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે, આ દસ દિવસોમાં, માતા મહિષાસુર-મર્દીની (દુર્ગા)ના વિવિધ રૂપોનું ઉત્સાહ અને ભક્તિથી પૂજન કરવામાં આવે છે.

# લખનઉ પર કોલકાતાની પ્રથમ જીત

### ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી



મુંબઈ,
ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ પ્રથમ વખત લખનઉ સુપર જાયન્ટ્સ ને હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં કોલકાતાની આ ચોથી જીત છે. સિઝનની ૨૮મી મેચમાં કોલકાતાએ રવિવારે લખનઉને ૮ વિકેટથી હરાવ્યું હતું.

ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં કોલકાતાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. જવાબમાં કોલકાતાએ ૧૫.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. કોલકાતા માટે ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી હતી.

પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. LSG તરફથી ડાબોડી બેટર નિકોલસ પૂરને સૌથી વધુ ૨ન બનાવ્યા હતા. તેણે ૩૨ બોલમાં ૪૫ રનની ઈનિંગ રમી હતી. તેમના સિવાય કેપ્ટન કેએલ રાહુલે ૩૯ રન અને આયુષ બદોનીએ ૨૯ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી મિચેલ સ્ટાર્કે ત્રણ વિકેટ ઝડપી હતી. વૈભવ અરોરા, આન્દ્રે રસેલ, વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી.

ટાર્ગેટને ચેઝ કરતા કોલકાતા તરફથી ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી ફટકારી હતી. તેણે ૪૭ બોલમાં ૮૯ રન બનાવ્યા હતા. તેના સિવાય કેપ્ટન શ્રેયસ અય્યરે અણનમ ૩૮ રન બનાવ્યા હતા. સુનીલ નારાયણે ૬ રન અને અંગક્રિશ રઘુવંશીએ ૭ રન બનાવ્યા હતા. લખનઉ તરફથી મોહસીન ખાને બન્ને વિકેટ લીધી હતી.

# ધોનીની હેટ્રીક : પંડ્યાના ૩ બોલમાં ૩ સિક્સર ફટકારી


### ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૬ રન બનાવ્યા હતા. મુંબઈ ૬ વિકેટના નુકસાને ૧૮૬ રન જ બનાવી શકી હતી.એમએસ ધોનીએ છેલ્લા ૪ બોલમાં ૩ સિક્સર ફટકારીને અણનમ ૨૦ રન બનાવ્યા હતા. મતિશ પથિરાનાએ ૪ મહત્વપૂર્ણ વિકેટો લીધી, તેણે રોમારિયો શેફર્ડને ગજબનો યોર્કર ફેંકીને સાથે બોલ્ડ કર્યો. સદી ફટકારનાર રોહિત શર્માએ ઋતુરાજ ગાયકવાડને જીવનદાન આપ્યું હતું.

# સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા વિરાટ નવા ગ્રહની શોધ

### ૭૬૨ પ્રકાશવર્ષ દુર નવા ગ્રહનું તાપમાન ૨૨૬ ડીગ્રી



નવીદિલ્હી
અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક થવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે.

આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે. આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# ચૂંટણીની મોસમમાં હેલિકોપ્ટરની માંગ વધી

### દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે, એક કલાકનો ચાર્જ પાંચ લાખ



નવીદિલ્હી
ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને, ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે.

ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે.

હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે. સૌથી વધુ બુકિંગ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ અને ખાનગી લોકો દ્વારા બુકિંગ પણ કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક લોકસભાના ઉમેદવારો પણ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હજુ સુધી તેમના તમામ ઉમેદવારો જાહેર કર્યા નથી અને તમામ ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરનું એડવાન્સ બુકિંગ ભરાઈ ગયું છે.

ભારતીય ચૂંટણી પંચ પણ લોકસભા ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરના ઉપયોગને લઈને એલર્ટ પર છે. આ માટે ચૂંટણી પંચે તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વિભાગોને માર્ગદર્શિકા આપી છે, જેનો હેતુ ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા નાણાંની આપ-લે સહિત અન્ય પ્રકારના દુરુપયોગને રોકવાનો છે.

# શાહરૂખ પોતે હેમાજીનું સેન્ડલ પોતાના હાથથી ઉપાડી પ્રેમથી તેમને એવોર્ડ ફંક્શનના સ્ટેજ પર લઈ ગયો



નવીદિલ્હી
તમે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે શાહરૂખ ખાન જેટલો નમ્ર અને સજ્જન કોઈ નથી. જ્યારે તે કોઈને મળે છે, ત્યારે તે પૂરા દિલથી અને ઉત્સાહથી મળે છે, એટલું જ નહીં, જો કોઈ શાહરૂખના ઘરે આવે છે, તો તે પોતે તેને રિસીવ કરવા અને વિદાય આપવા આવે છે. શાહરૂખ ખાનનો આ સ્વભાવ તેને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો કરતા અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને શાહરૂખ ખાનનો એક એવો જ વીડિયો બતાવીએ છીએ જેમાં તેની જેન્ટલમેન ક્વોલિટી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે અને તેને જોઈને તમે પણ કહેશો કે તે માત્ર રીલ જ નહીં, તે રિયલ લાઈફ હીરો પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પેજ પર શાહરૂખ ખાનનો એક થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો છે.

# યુક્રેનને ૫ લાખથી વધુ સૈનિકોની જરૂર : સંસદે ફરજિયાત લશ્કરી ભરતીનો વિવાદાસ્પદ કાયદો બનાવ્યો



કીવ,
૨ વર્ષથી વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં શહીદ થયા છે. આવી સ્થિતિમાં હથિયારોની સાથે યુક્રેનમાં સૈનિકોની પણ અછત છે. આવી સ્થિતિમાં, યુક્રેનની સંસદે ગુરુવારે સેનામાં નવા ભરતીની ફરજિયાત ભરતીની પદ્ધતિઓ નક્કી કરવા માટે એક વિવાદાસ્પદ કાયદાને મંજૂરી આપી છે. તેનો પ્રારંભિક મુસદ્દો કાયદો બનવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબિત થયો હતો અને તેની જોગવાઈઓને હળવી કરવા માટે ઘણા સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંસદોએ પણ લાંબા સમયથી આ કાયદા પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યું હતું કારણ કે તે અપ્રિય હોવાની અપેક્ષા હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ડિસેમ્બરમાં કહ્યું હતું કે કાયદો યુક્રેનની સૈન્યની વિનંતી પર લાવવામાં આવ્યો હતો, જે ૫૦૦,૦૦૦ થી વધુ સૈનિકોને એકત્ર કરવા માંગે છે. આ કાયદો ભૂતપૂર્વ આર્મી કમાન્ડર વેલેરી ઝાલુઝનીની વિનંતી પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમને કહ્યું હતું કે સેનાના વિવિધ રેક્સને મજબૂત કરવા માટે ૫,૦૦,૦૦૦ નવી ભરતીની જરૂર છે. યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા બાદ દેશમાં આગળની લાઈનો પર સૈનિકોની અછત છે. યુક્રેનિયનોએ નવા કાયદાના ડ્રાફ્ટમાં વધુ રસ દાખવ્યો ન હતો. તાજેતરના અઠવાડિયામાં રશિયન હુમલાઓ દ્વારા યુક્રેનનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરબાદ થયું હોવાથી કાયદો પસાર થયો છે.

# હોલીવુડની શ્રાપિત ફિલ્મ, છતાં ફિલ્મ જોઈ લોકોના થયા મોત

### આ શ્રાપિત ફિલ્મ, કયારેય સિનેમાઘરોમાં રિલીઝ ના થઈ

મુંબઈ,
હોલીવુડમાં હોરરથી લઈને એક્શન અને લગભગ દરેક શૈલીમાં જબરદસ્ત ફિલ્મો બની છે. આવી જ એક ફિલ્મ હતી ‘એન્ટ્રમ’. આ ફિલ્મને હોલીવુડની શાપિત ફિલ્મ માનવામાં આવે છે. આ જોઈને ઘણા લોકો મૃત્યુ પામ્યા. આજે પણ આ જોઈને લોકો ભયથી ભરાઈ જાય છે. ચાલો તમને તેના વિશે બધું જણાવીએ. કેનેડિયન હોરર ફિલ્મ ‘એન્ટ્રમ’ને અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ માનવામાં આવે છે. ‘એન્ટ્રમ’માં વાર્તા અને ચિત્ર બંને ડરામણા બતાવવામાં આવ્યા છે.

ફિલ્મ ‘એન્ટ્રમ’ કથિત રીતે શાપિત છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે. ‘એન્ટ્રમ’ એક મિની-મોક્યુમેન્ટરીથી શરૂ થાય છે જે ફિલ્મમાં એન્ટ્રમ વિશે વાત કરે છે. તેમાં જંગલનું એક દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં બે ભાઈ બહેન આસપાસ ફરે છે. માનવામાં આવે છે કે, ‘એન્ટ્રમ’ ૧૯૭૯માં અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં રહસ્યમય રીતે દેખાયું હતું. તેને જોઈને ઘણા લોકો રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા અને ત્યારથી તેને શ્રાપિત કહેવામાં આવે છે.

ફિલ્મના સંબંધમાં, લોકોએ શેતાનના ઈતિહાસ વિશે પણ ચર્ચા કરી છે, કારણ કે તે ‘એન્ટ્રમઃ ધ ડેડલીસ્ટ ફિલ્મ એવર મેડ’માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ફિલ્મના એક બિંદુ પછી, એન્ટ્રમ ફરીથી દેખાડવામાં આવે છે અને પ્રેક્ષકોને યાદ અપાવવા માટે ચેતવણી જારી કરવામાં આવે છે કે તેઓ તેમના પોતાના જોખમે ફિલ્મ જોઈ રહ્યા છે. એન્ટ્રમના ઈતિહાસને જોતાં, તે અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ છે અને તેના કથિત શ્રાપને જોતાં, તેને જોનાર કોઈપણ દર્શક ભયંકર મૃત્યુનો ભોગ બની શકે છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન અને મલ્લિકા શેરાવત

મુંબઈ,
ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે, હવે નવી ફિલ્મ બનવી જોઈએ. સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે,ઓએમજી. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે.મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.

ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી.

# T-20 સીરીઝ શરૂ થઇ રહી હોવાથી કેટલાક વિદેશી ખેલાડીઓ અધવચ્ચે આઇપીએલ છોડશે

મુંબઇ,
આ દિવસોમાં આઇપીએલની ૧૭ મી સીઝન ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૫ મેચ રમાઇ ચુકી છે ત્યારે ટી ૨૦ વલ્ડ કપની ૫ સીઝન પણ રમાનારી છે. એવામાં કેટલાક વિદેશી ખેલાડીઓ આઇપીએલને અધવચ્ચે છોડીને તેમની ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. હાલમાં આ બાબતે કોઇ જાણકારી સામે આવી નથી.

૧૮ એપ્રિલ થી ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ૫ મેચોની ટી ૨૦ સીરીઝ રમાશે. જેના કારણે ન્યુઝીલેન્ડ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ સીઝનની છેલ્લી મેચ ૨૭ એપ્રિલે રમાશે . આ પ્રવાસ દરમિયાન કોઇ ખેલાડી ઇજાગ્રસ્ત હશે તો આઇપીએલ રમી રહેલા કેટલાક ખેલાડીને ન્યુઝીલેન્ડ બોર્ડ પાકિસ્તાન મોકલી શકે શક્યતા છે. ન્યુઝીલેન્ડના કેન વિલિયમસન ગુજરાત ટાઇટન્સ ટીમના અને ડેરિલ મિશેલ,રચિન રવિન્દ્ર , મિશેલ સેંટર જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે.

ઝિમ્બાવે અને બાંગ્લાદેશ વચ્ચે ૩ થી ૧૨ મે ની વચ્ચે ટી ૨૦ ઈંટરનેશનલ મેચો રમાશે. બાંગ્લાદેશના મુસ્તફિજુર રહમાન જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે. તેના સિવાય ૧૦ થી ૧૪ મે ની વચ્ચે પાકિસ્તાન અને આર્યલેન્ડની વચ્ચે ૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમાનારી છે. આર્યલેન્ડના જોશુઆ જટિલ જે ગુજરાત ટાઇટન્સનો હિસ્સો છે. જયારે પાકિસ્તાનના ખેલાડિઓને આઇપીએલમાં સ્થાન નથી મળતુ.

મે ના છેલ્લા દિવસોમાં બાંગ્લાદેશની ટીમ યુએસએનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૨૧ થી ૨૫ મેની વચ્ચે ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ મે ના ત્રીજા સપ્તાહમાં ઇંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૪ ટી ૨૦ ઈન્ટરનેશનલ રમાશે. ઇંગ્લેન્ડના જોસ બટલર (આરઆર), રીસ ટોપીલ (આરસીબી),વિસ જેક્સ (આરસીબી),લિયામ લિવિંગસ્ટોન (પીબીકેએસ) મોઇન અલી (સીએસકે) ફિલ સોલ્ટ (કેકેઆર) સેમ કરન (પીબીકેએસ)અને જોની બેયરસ્ટો (પીબીકેએસ) વગેરે ખેલાડીઓ આ આઇપીએલમાં રમી રહ્યા છે.

# જેલમાં બંધ ઈમરાન ખાન પર દર મહિને ૧૨ લાખનો ખર્ચ

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સુરક્ષા પર દર મહિને ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. લાહોર હાઈકોર્ટમાં જેલ સત્તાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ, ૭૧ વર્ષીય ખાનને જેલ પરિસરમાં વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં પાંચ લાખના ખર્ચે અલગ સીસીટીવી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સાત હજાર કેદીઓ પર નજર રાખતી સિસ્ટમથી અલગ છે.

ઈમરાન ખાનનું ભોજન આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખમાં અલગ રસોડામાં રાંધવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે તે પહેલાં, તબીબી અધિકારી અથવા નાયબ અધિક્ષક ખોરાકની તપાસ કરે છે. ‘હોલી ફેમિલી હોસ્પિટલ’ના છથી વધુ ડોકટરોની ટીમ પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર માટે ત્યાં હાજર છે. આ સિવાય એક નિષ્ણાત ટીમ નિયમિતપણે તેમની તપાસ કરે છે.

ઈમરાન ખાનની જેલમાં સાતમાંથી બે સ્પેશિયલ સેલ છે જ્યારે અન્ય પાંચ સેલ સુરક્ષાના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે. આ સેલમાં લગભગ ૩૫ કેદીઓને રાખવામાં આવ્યા છે. ખાણ ચેમ્બરમાં પ્રવેશ મર્યાદિત છે; પ્રવેશ માટે પરવાનગી જરૂરી છે.

# રાજકોટમાં બાવન ચુનાવી પાઠશાળા થકી ૨૪૦૦થી વધુ નાગરિકોને મતદાનનું મહત્ત્વ સમજાવાયું

## પાંચ બાઈક-સાયકલ રેલીમાં ૪૦૦થી વધુ નાગરિકો સહભાગી બન્યા

રાજકોટ, ચૂંટણીમાં "દરેક મત કિંમતી છે, દરેક મત જરૂરી છે." ૧૦-રાજકોટ સંસદીય મતદાર વિભાગમાં લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં હાલ સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

ચૂંટણી જાહેર થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં રાજકોટ જિલ્લાના આઠેય વિધાનસભા મત વિસ્તારમાં ૧૨ જેટલી વોકેથોન યોજવામાં આવી હતી. જેમાં કુલ મળીને ૨૦૯૧ વિદ્યાર્થીઓ-નાગરિકો જોડાયા હતા. વિધાનસભા વિસ્તાર મુજબ જોઈએ તો ૬૮-રાજકોટ પૂર્વમાં એક વોકેથોનમાં ૧૨૦ નાગરિકોએ જોડાઈને અચૂક મતદાન પર ભાર મુક્યો હતો. તો ૭૦-રાજકોટ દક્ષિણમાં એક વોકેશનમાં ૧૫૦ લોકો સહભાગી થયા હતા. ૭૧-રાજકોટ ગ્રામ્યમાં બે વોકેથોનમાં ૧૦૦ નાગરિકો તો ૭૨-જસદણમાં બે વોકેથોનમાં ૩૦૦ નાગરિકોએ જોડાઈને અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો.

૭૩-ગોંડલ મત વિસ્તારમાં એક વોકેથોનમાં ૯૫ નાગરિકો તો ૭૪-જેતપુરમાં યોજાયેલી ત્રણ વોકેથોનમાં ૪૨૬ નાગરિકોએ રેલી થકી મતદાન અંગે ઉત્સાહપૂર્ણ માહોલ બનાવ્યો હતો. ૭૫-ધોરાજીમાં બે વોકેથોનમાં જિલ્લામાં સૌથી વધુ ૯૦૦ નાગરિકો સહભાગી થયા હતા અને અચૂક મતદાન થકી લોકશાહીને વધુ મજબૂત બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત મતદાન અંગે નાગરિકોને પ્રેરિત કરવા વિવિધ વિસ્તારોમાં બાઈક-સાઈકલ રેલી પણ યોજવામાં આવી હતી. જિલ્લામાં રાજકોટ પૂર્વ, રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ, ધોરાજીમાં મળીને કુલ પાંચ બાઈક-રેલી યોજાઈ હતી. જેમાં ૪૦૦થી વધુ નાગરિકોએ જોડાઈને અચૂક મતદાન કરવાની પ્રેરણા આપી હતી.

આ ઉપરાંત જિલ્લામાં રાજકોટ દક્ષિણમાં એક, જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં બે તથા ધોરાજીમાં એક માનવસાંકળ કાર્યક્રમ યોજાયો હતો. આ ચારેય કાર્યક્રમમાં કુલ મળીને ૩૭૨ લોકો જોડાયા હતા અને એક-એક મતનું મહત્વ સમજાવીને ચૂંટણીમાં મતદાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

નાગરિકોને મતાધિકાર અંગે જાગૃત કરવા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા "ચુનાવ કી પાઠશાલા" પણ યોજવામાં આવે છે. જિલ્લામાં અત્યાર સુધીમાં યોજાયેલી બાવન પાઠશાલાઓમાં ૨૪૫૬ નાગરિકોને મતદાનના મહત્ત્વ અંગે સમજૂતી આપીને મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરણા અપાઈ હતી. જેમાં ૬૮-રાજકોટ પૂર્વમાં પાંચ પાઠશાળાઓમાં ૪૦૦ નાગરિકો જોડાયા હતા.તો ૬૯-રાજકોટ પશ્ચિમમાં એક પાઠશાળામાં ૧૨૦ નાગરિકો, તેમજ ૭૦-રાજકોટ દક્ષિણમાં બે પાઠશાળામાં ૧૮૬ નાગરિકોએ મતદાન જાગૃતિની સમજ કેળવી હતી.

૭૧-રાજકોટ ગ્રામ્યમાં ૧૫ પાઠશાળાઓમાં ૩૮૦ નાગરિકો તો ૭૨-જસદણમાં એક પાઠશાળામાં ૪૫ નાગરિકો જોડાયા હતા. ૭૩-ગોંડલમાં જિલ્લામાં સૌથી વધુ ૧૯ પાઠશાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાં સૌથી વધુ ૭૭૫ નાગરિકો જોડાયા હતા. ૭૪-જેતપુરમાં બે પાઠશાળામાં ૧૫૦ નાગરિકો તો ૭૫-ધોરાજીમાં સાત પાઠશાળામાં ૪૦૦ નાગરિકોએ ઉત્સાહથી ભાગ લઈને અચૂક મતદાનના શપથ પણ ગ્રહણ કર્યા હતા.

ઉપરાંત નાગરિકોમાં મતદાન મથક અંગે જાગૃતિ લાવવા "તમારા મતદાન મથકને જાણો" કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. જેમાં જિલ્લામાં રાજકોટ દક્ષિણમાં ૨૨૮, જસદણમાં ૨૫૮, ગોડલમાં ૨૩૩ મળીને કુલ ૭૧૯ મતદાન મથકો પર કાર્યક્રમ યોજાયા હતા.

# વેરાવળના કાજલી માર્કેટીંગ યાર્ડમાં ચણા અને રાયડાના ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ



વેરાવળ,
વેરાવળ તાલુકાના કાજલી માર્કેટીંગ યાર્ડ મા ટેકા ના ભાવે ચણા અને રાયડા ની ખરીદી નો શુભારંભ માર્કેટીંગ યાર્ડના યુવા ચેરમેન પરેશભાઈ ગોવિંદભાઈ પરમાર ના હસ્તે કરવામાં આવેલ.સરકાર દ્વારા ગુજકોમાસોલ એ કાજલી માર્કેટીંગ યાર્ડમા તા ૧૨,૪,૨૪ના રોજ ચણા અને રાયડાની ખરીદી શરૂ કરવામાં આવેલ જેનો શુભારંભ માર્કેટીંગ યાર્ડના ચેરમેન પરેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ આ તકે કાજલી સેવા સહકારી મંડળીના દેવગીરી ગૌસ્વામી અને ગુજકોમાસોલનો સ્ટાફ હાજર રહ્યા હતા.

# ગીર સોમનાથ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૧.૫૦ લાખથી વધુ સંકલ્પ પત્રનું વિતરણ

વેરાવળ,
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વધુમાં વધુ મતદાન થાય તે અંગે સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોરલ પાર્ટિસિપેશન એક્ટિવિટી અંતર્ગત મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

આચારસંહિતાથી અત્યાર સુધીમાં સોમનાથ, તાલાલા, કોડીનાર અને ઉના વિધાનસભા મતવિસ્તારમાં ૧૧ જેટલી બાઈક રેલી દ્વારા મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦૦ કરતાં પણ વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપરાંત ૨૦ જેટલા સિગ્નેચર કેમ્પેઈનના માધ્યમથી નાગરિકોએ અચૂક મતદાનના શપથ લીધા હતાં.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૦૪ ચૂનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૬૦૦ કરતા વધુ લોકોને મતદાન અને મતદાનના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. જ્યારે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત જિલ્લામાં દોઢ લાખ કરતા પણ વધુ સંકલ્પ પત્રનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત મતદાન જાગૃતિ માટે ૧૫ થી વધુ વોકાથોન દ્વારા અંદાજીત ૧૯૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ પણ પોતાની સહભાગીદારી નોંધાવી હતી અને ૬ જેટલી માનવસાંકળ દ્વારા મતદાન જાગૃતિનો પ્રયાસ કરી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

# કોટડાસાંગાણી તાલુકામાં ભૂકંપના આંચકા અંગે ગાંધીનગર ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચની ટીમ મુલાકાત લેશે

રાજકોટ, રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના પડવલા, શાપર, વેરાવળ ગામોમાં ગત સપ્તાહે આવેલા ભૂકંપના આંચકા અંગે જિલ્લા વહીવટી તંત્રની ટીમ દ્વારા કરાયેલી તપાસમાં જાનમાલની કોઈ નુકસાની સામે આવી નથી.

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના પડવલા, શાપર, વેરાવળ ગામોમાં ગત અઠવાડિયામાં અવારનવાર ભુકંપનાં આંચકા અનુભવવામાં આવ્યા હતા. આ બાબતે જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીની સુચના મુજબ આજરોજ ડિઝાસ્ટર મામલતદારશ્રી દ્વારા પારડી ગ્રામ પંચાયત, પડવલા ગ્રામ પંચાયત અને વેરાવળ ગ્રામ પંચાયત ખાતે કોટડા સાંગાણી મામલતદારશ્રી તથા સ્થાનિક આગેવાનો તથા તલાટી કમ મંત્રીની સાથે રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. આ સાથે ટીમ દ્વારા ભૂકંપના આંચકા અંગે વિગતવાર જાણકારી મેળવવામાં આવી હતી.

આ અધિકારીઓની ટીમ દ્વારા થયેલી તપાસના તારણ? મુજબ, આ ભૂકંપના આંચકામાં કોઈ પણ જાતની જાનમાલની નુકશાની થયેલ નથી. ઉપરાંત આ બાબતની જાણ ગાંધીનગર ખાતે ડાયરેક્ટર જનરલ, ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચને પણ કરવામાં આવી છે અને તેમના દ્વારા સોમવારના રોજ એક ટેકનિકલ ટીમ દ્વારા વિઝીટ કરવામાં આવશે, તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ સંસદિય મતવિસ્તારમાં વિવિધ શાળાઓમાં મતદાન કુટીર, ચિત્ર સ્પર્ધા દ્વારા મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાયા

રાજકોટ,લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ અવનવા આયોજનો દ્વારા મતદાનનો દર વધે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સામેલ રાજકોટ જિલ્લામાં વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં સામેલ અનેક શાળાઓમાં મતદાન કુટીર, ચિત્ર સ્પર્ધા દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં.

વધુમાં વિદ્યાર્થીઓ ૭ મેના રોજ મતદાન કરવા માટે પોતાના પરિવારજનોને પ્રેરિત કરે તેવી અપીલ કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને મતદાન શપથ લેવડાવવામાં આવી હતી. સ્વસ્થ લોકશાહી માટે દરેક નાગરિક પોતાની મતદાનની પવિત્ર ફરજ નિભાવે તે જરૂરી છે, જે સુનિશ્ચિત કરવા ભવિષ્યના મતદાતાઓને નાનપણથી જ કેળવવાના હેતુથી ચૂંટણી પંચની પ્રેરણાથી શાળાના બાળકો માટે આવા મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

રાજકોટ, મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે એ રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ ચ૨૨ ટ્રીપ્સ્ ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૨૨ એપ્રિલ ૨૦૨૪ થી ૦૧ જુલાઈ ૨૦૨૪ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ નું બુકિંગ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ થી તમામ કાઉન્ટર અને વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, વેબસાઈટ મુલાકાત લઈ શકે છે.

# વેરાવળના હોમગાર્ડ જવાને અઢી વર્ષનું બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું



વેરાવળ,
વેરાવળમાં ચોપાટી પર ફરજ બજાવતા હોમગાર્ડ જયેશભાઈ ગેલાભાઈ વાણવીને અઢી વર્ષનું બાળક રડતી હાલતમાં મળી આવતા ઘણો સમય રાહ જોયા બાદ પણ બાળકના કોઈ વાલી આવેલ ન હોવાથી તેઓના ઓફિસર કમાન્ડિંગ રણજીત.જી.પિલ્લાઈ ને જાણ કરતા આ બાળકને ટાવર પોલીસ ચોકી ખાતે લાવેલ જયાં ફરજ પરના પી.એસ.આઈ. બી.કે.રાઠોડને હકીકત જણાવતા હુમન સોર્સસના આધારે બાળકનું નામ જેનિલ હોય તેમજ તેના પિતા પદમભાઈ રામજીભાઈ આંજણી, રહે.ઘનશ્યામ પ્લોટ વાળા હોવાનું જાણવા મળતા તેઓને જાણ કરી બાળકને સોંપેલ હતો.

# જૂનાગઢમાં ચૂંટણી ખર્ચ નિરીક્ષકની અધ્યક્ષતામાં ખર્ચ દેખરેખ નિયંત્રણ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

જૂનાગઢ,
લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે જૂનાગઢ સંસદીય મતવિસ્તારના ખર્ચ નિરીક્ષક શ્રી રજત દત્તાના અધ્યક્ષતામાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ માટે વિવિધ ટીમની કામગીરી અંગેની તાલીમ કમ સમીક્ષા બેઠક આવતીકાલે કલેકટર કચેરી, સભાખંડ ખાતે યોજાશે. તારીખ ૧૨/૪/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ નું જાહેરનામું પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ ખર્ચને લગત આગળની કામગીરી સરળતાપૂર્વક અને અસરકારક રીતે સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાય તે માટે ખર્ચની




નિરીક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને AEOs, FSTs, SSTs, VSTs, VVTs, ATs, MCMC, 24 -7 કંટ્રોલ રૂમ જેવી ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલ વિવિધ ટીમના મુખ્ય અધિકારીઓ સાથે તાલીમ કમ બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલ, તેમજ ચૂંટણીની કામગીરી સાથે જોડાયેલા નોડલ ઓફીસર ઉપસ્થિત રહેશે.

# લોકશાહીનાં મહાપર્વમાં ઉત્સાહભેર મતદાન કરવા મહંત શેરનાથબાપુ, ઈન્દ્રભારતીબાપુનો અનુરોધ





જૂનાગઢ,
દીપાવલી પર્વની જેમ લોકશાહીનું મહાપર્વ ઉત્સાહભેર મતદાન કરીને ઉજવીએ તેવો અનુરોધ કરતા મહંત ઈન્દ્રભારતી બાપુએ તા.૭મી મેએ જ્ઞાતિ-જાતિથી ઉપર ઉઠી અચૂક મતદાન કરવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આપણા એક મત થી શું ફેર પડે ? પરંતુ તેવું ન માનતા ઈતિહાસ સાક્ષી છે કે, એક મતે ઘણા ઉચ્ચ પદાધિકારીઓ હાર્યા છે, ત્યારે લોકશાહીમાં જે મતાધિકાર મળ્યો છે તેનો અચૂક ઉપયોગ કરવો જોઈએ. એક સારા નેતા પસંદ કરવાનો હક મતાધિકાર દ્વારા તક પ્રાપ્ત થાય છે ત્યારે સાધુ સંતો પણ લોકશાહીમાં મળેલા અધિકારને અદા કરવાના છીએ. ત્યારે નાગરિકો પણ તા.૭મીએ બુથ ઉપર જઈ અચૂક મતદાન કરે. તેવો અનુરોધ ઈન્દ્રભારતી બાપુએ કર્યો હતો.

ગોરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથ બાપુએ તા.૭મી મેએ સાથે મળી અવશ્ય મતદાન કરવા માટે અપીલ કરી છે. તેમણે નાગરિકોને પોતાનો કીમતી અને અમૂલ્ય મત આપવો જરૂરી ગણાવતા કહ્યું કે,યોગ્ય જન પ્રતિનિધિની નિયુક્તિ માટે મત આપવો જરૂરી છે. ત્યારે કોઈપણ વંશ, જાતિ ધર્મને ધ્યાને રાખ્યા વગર અચૂક મતદાન કરીએ. તેવો અનુરોધ મહંત શેરનાથ બાપુએ કર્યો છે.

# રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં મતદાન ગીત અને ભવાઈ થકી 'મતદાન જાગૃતિ સંદેશ' પાઠવતા કલાકારો

રાજકોટ, ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના મહાપર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને મતદાર જાગૃતિ સંદેશ માટે વિશિષ્ટ નવતર પહેલ હાથ ધરી લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત ૬૯- રાજકોટ પશ્ચિમ વિધાનસભા વિસ્તારની કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય ખાતે ભવાઈના વેશ "રંગલા"ના માધ્યમથી મતદાર જાગૃતિ લાવવાનો નવતર પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંપરાગત માધ્યમના કલાકારએ મતદાન જાગૃતિ સંદેશ પાઠવતી પ્રેરણાત્મક પ્રસ્તુતિ કરી નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. સાથે જ લોકગીતના લહેજામાં ગાયનના વિદ્યાર્થીઓએ મતદાન ગીત રજૂ કરી લોકોને મનોરંજન સાથે અવશ્ય મતદાન કરવા અને કરાવવા માટે હાકલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં અધિક કલેક્ટર શ્રી અને સ્વીપના નોડલ ઓફિસર શ્રી જીજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ- રેલી યોજી, ગ્રામ વિસ્તારોમાં સેલ્ફી પોઈન્ટ, ગેસના બાટલા - વીજળીના બિલો પર મતદાનના સંદેશા છાપવા સહિતના અનેક નવતર પ્રયાસો દ્વારા મતદાન જાગૃતિ લાવવામાં આવી રહી છે.

# વેરાવળ:યુવાનોને પ્રેરીત કરવા ચાર યુવા મતદાન મથકો ઉભા કરાયા

વેરાવળ, લોકસભાની ચૂંટણીમાં યુવાઓ ઉત્સાહભેર સહભાગી બને અને વધુને વધુ યુવા મતદારો આ લોકશાહીના મહાપર્વમાં પોતાની ભાગીદારી નોંધાવવા પ્રેરિત થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં ચાર યુવા મતદાન મથકો ઉભા કરવામાં આવ્યાં છે.

આ મતદાન મથકો પર યુવા અધિકારી-કર્મચારી ફરજ બજાવશે. જે અંતર્ગત પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર સહિતનો સ્ટાફ યુવા રહેશે.

લોકશાહીને મજબૂત બનાવવા માટે મહિલા, દિવ્યાંગ, યુવા સહિત દરેક મતદાર મતાધિકારનો ઉપયોગ કરે તે ખૂબ આવશ્યક છે. ત્યારે ચૂંટણીમાં યુવા મતદારોને પ્રેરિત કરવા માટે ચૂંટણી પંચનો આ એક વિશેષ પ્રયાસ છે. જેના દ્વારા દેશના ભાવિ નાગરિકો એવા યુવાનોમાં ચૂંટણી માટેની હકારાત્મકતા જન્મે છે.

૯૦-સોમનાથ વિધાનસભામાં તાંતીવેલા, ૯૧-તાલાલા વિધાનસભામાં લાટી, ૯૨-કોડીનાર વિધાનસભામાં મૂળદ્વારકા અને ૯૩-ઉના વિધાનસભામાં માનેકપુર કુલ મળી જિલ્લામાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં ૧ એમ કુલ ૪ યુવા મતદાન મથક બનાવવામાં આવ્યા હતા

# રાજકોટની દોશી હોસ્પિટલમાં ૧૨ વર્ષના કિશોરની સફળ સર્જરી



રાજકોટ,
રાજકોટની એચ.જે. દોશી હોસ્પિટલમાં ૧૨ વર્ષના કિશોરને સતત ઉધરસના નિદાનમાં શ્ર્વાસનળીમાં પેનનું ઢાંકણુ ફસાયુ હોવાની જાણ થતાં ઓપરેશન થકી ઢાંકણ બહાર કાઢી કિશોરનો જીવ બચાવ્યો હતો.

૧૨ વર્ષનો રાજ ગઈકાલે સાંજે રમતા રમતામાં ભુલથી પેનનું ઢાંકણુ ગળી ગયો પછી ખુબ ઉધરસ શરુ થતાં તાત્કાલીક છાતીનો સીટી સ્કેન કરવામાં આવ્યો. જેમાં જણાયું કે ડાબા ફેફસાની મુખ્ય શ્ર્વાસનળીમાં ૨૦ એમએમ લાંબુ પેનનું ઢાંકણું ફસાયેલું છે. તાત્કાલીક દર્દીને રાજકોટ દોશી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરી ઓપરેશન થિયેટરમાં શિફટ કરવામાં આવ્યો.

નાની ઉંમર, મુખ્ય શ્ર્વાસનળી, કફમાં ફસાયેલું ઢાંકણુ, ઈમરજન્સી કંડીશન, સતત ઉધરસ અને ઘટતું ઓકિસજન લેવલમાં આ તમામ ક્રિટીકલ અવરોધો વચ્ચે રાત્રે ૧૨ વાગ્યે તાત્કાલીક ફેફસાંની દુરબીન તપાસ કરી ફોરકેપ્સ વડે માત્ર ૧૦ થી ૧૫ મીનીટમાં પેનનું ઢાંકણું સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યું હતું. આ સાથે સૌ પરિવારજનોએ રાહત અનુભવી ડોકટર અવની મેંદપરા કોયાણી, ડો. પાયલ ડાંગર, એનેસ્થેટીસ્ટ ડો. અંકિત ડઢાણીયા અને તમામ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો. અવારનવાર આ રીતે બાળકોમાં થતાં આ પ્રકારના કેસ ક્યારેક જીવલેણ પણ બનીશકે છે આથી આ કિસ્સો સમાજના વાલીઓ માટે ખાસ ચેતવણી સમાન છે.

# ધોળકીયા સ્કુલની બે છાત્રાએ ભારતનું નામ રોશન કર્યુ

## ૩૩ દેશ-૪૨૨ વિજ્ઞાન મોડેલ :ધોળકીયા સ્કુલની કુ.હેતલ વૈષ્ણવને મળ્યું લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ' : અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ આપવા કૃષ્ણકાંતભાઈ અને જીતુભાઈ ધોળકીયાનો સંકલ્પ







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતનું નામ ગુંજતું કરનાર રાજકોટની ધોળકીયા સ્કુલ્સના વિદ્યાર્થીઓએ ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં ભાગ લઈ સમગ્ર શિક્ષણ જગતનું નામ શહેરથી માંડી રાજય કક્ષાએ રોશન કર્યુ છે. શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિકો સતત ઝળકી ગ્રહની ઉંચાઈ સુધી પહોંચી રહ્યા છે ત્યારે ચાલુ વર્ષે ધોળકીયા સ્કુલ્સના ધો.૯ના બે છાત્રાએ ઝુલતા પુલની સેફટી માટેનો રજૂ કરેલો મોનીટરીંગ સિસ્ટમ પ્રોજેકટ આફ્રિકાના 'ઈન્સેફ નેશનલ ફેર-૨૦૨૪'માં વિજેતા બનતા દેશનો તિરંગો ટયુનીશીયામાં છવાઈ ગયો હતો. આ છાત્રાઓએ મેળવેલી સિધ્ધિ અંગેના અનુભવો આજે વર્ણવ્યા હતા અને શાળા પરિવારે ગૌરવની ક્ષણ ગણાવી હતી.

સતત ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મેળવનાર ધોળકીયા સ્કુલના સર્વોચ્ચ સંશોધન બદલ સંચાલકો કૃષ્ણકાંતભાઈ ધોળકીયા, જીતુભાઈ ધોળકીયા, મિતુલભાઈ ધોળકીયા, ધવલભાઈ ધોળકીયા, વિરલભાઈ ધોળકીયા, સહિતના ૨૦૦થી વધુ શાળા પરિવારના સભ્યો, બંને દિકરીના પરિવારજનો, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર રમેશભાઈ ભાયાણી, મીનેશભાઈ મેઘાણી, સાયન્સ સીટીના હેડ સુમીતભાઈ વ્યાસ સહિતના સ્કુલ સભ્યોએ બંને ગોલ્ડન ગર્લનું રેલ્વે સ્ટેશન પર ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. આજે પત્રકાર પરિષદમાં વિદ્યાર્થીનીઓ અને શાળા પરિવારોએ આ સિધ્ધિઓની યાદ તાજા કરી હતી.

ત્રણ વખત આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા સન્માન પ્રાપ્ત કરનાર કુ.હેતલ વૈષ્ણવને લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ' મળ્યું છે. સ્કુલ દ્વારા અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ મળે તેવો સંકલ્પ લેવામાં આવ્યો છે. ૨૪ વર્ષમાં ૨૬-૨૬ આંતરરાષ્ટ્રીય વિજેતા બાળવૈજ્ઞાનિકો પ્રદાન કરતી સ્કુલ ભારતમાં ટોચ પર પહોંચી છે. આ વર્ષે વિજ્ઞાન મેળામાં ગુજરાતી માધ્યમમાં ધો.૯માં અભ્યાસ કરતા શ્રીમતી રેખાબેન અને શૈલેષભાઈ સોજીત્રાની સુપુત્રી કુ.ધ્વનિ અને શ્રીમતી નીતાબેન અને વિપુલભાઈ ખુંટની સુપુત્રી કુ.સાક્ષીએ ઝુલતા પુલની સેફટી માટેનો સેફટી મોનીટરીંગ પ્રોજેકટ રજૂ કર્યો હતો. આ દુર્ઘટના બાદ બંને છાત્રાએ મોડેલ તૈયાર કર્યુ હતું અને વેઈટ બેલેન્સ તેમજ ડિજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી હતી. વજન વધે એટલે બેરીગેટ બંધ થઈ જાય અને સાયરન વાગે તેવી ટેકનીક ગોઠવવામાં આવી હતી. આ પ્રોજેકટ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળા માટે પસંદ થતા બંને વિદ્યાર્થીનીઓએ પ્રોટોટાઈપ મોડલ તૈયાર કરવા ખુબ મહેનત લીધી હતી. ઈજનેરી કોલેજોના પ્રોફેસરોએ માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાંતોની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા.

આ બંને દિકરીઓએ ૧૯ માર્ચના રોજ રાજકોટથી વિજયકૂચ શરૂ કરી હતી અને આફ્રિકા રવાના થયા હતા. ટયુનીશીયા ખાતે ૩૩થી વધુ દેશના ૪૨૨ પ્રોજેકટ લઈને ૧૦૦૦ વિદ્યાર્થી પહોંચ્યા હતા. બાળકોના ઈન્ટરવ્યુ પણ લીધા હતા. વિજ્ઞાન મેળાના જજીંગ સેશન દરમ્યાન પ્રશ્નોતરી થઈ હતી અને ધ્વનિ તથા સાક્ષીએ 'હેંગીંગ બ્રીજ' કેબલ બ્રીજની સેફટીની વિગતો રજૂ કરતા આ મોડલ છવાઈ ગયું હતું. સાયન્સ ફેરમાં ભારતીય સંસ્કૃતિ પણ રજૂ કરી હતી અને બંને છાત્રાએ તમામ બાળ વૈજ્ઞાનિકોને રામ મંદિરની પ્રતિકૃતિ ભેટ આપી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિજ્ઞાન અને ધર્મનો સંદેશ પણ પહોંચાડયો હતો.

બંને વિદ્યાર્થીનીઓ રાજકોટ પરત ફરતા રેલ્વે સ્ટેશન પર વિજય સભા જેવા વાતાવરણમાં તેઓનું સ્વાગત કરાયું હતું. આજ સુધીમાં શાળાના ૬૫ બાળ વૈજ્ઞાનિકોને ૬.૫૦ લાખની સંશોધન સ્કોલરશીપ મળી છે. સતત ૨૪મી વખત પ્રથમ ક્રમાંક અને ગોલ્ડ મેડલ સાથે ધોળકીયા સ્કુલ્સ ફરી એક વખત વિશ્ર્વ વિજેતા બની છે.

# શ્રીમદ ભાગવત સપ્તાહમાં દર્શન-પૂજન-આશીર્વાદ અને કથાશ્રવણનો લાભ લેતા પરશોતભાઈ રૂપાલા

## નિર્માણથી નિર્વાણ સુધી યાત્રા એટલે શ્રીમદ ભાગવત સપ્તાહ: પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ ખાતે ચીતસીયા રોડ સ્થિત રૂપારેલીયા વાડીમાં રૂપારેલીયા પરિવાર આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાય જ્ઞાનયજ્ઞના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ઉપસ્થિત રહીને કથા શ્રવણનો લાભ લીધો હતો. આ પ્રસંગે રૂપારેલીયા પરિવારના સભ્યો જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા, રમેશભાઈ રૂપારેલીયા, હિંમતભાઈ, સુરેશભાઈ સહિતના રૂપારેલીયા પરિવારના સદસ્યોએ રૂપાલાજીનું ઉષ્માસભર સ્વાગત કરેલ હતું.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ શ્રીમદ ભાગવત સપ્તાહ કથાના મહિમા વર્ણવતાં જણાવેલ કે નિર્માણ થી નિર્વાણ સુધી યાત્રા એટલે શ્રીમદ ભાગવત સપ્તાહ, શ્રીમદ ભાગવત સપ્તાહ કથા શ્રવણથી માનવીનું જીવન ઈશ્વરમય, પરમાર્થી અને સત્માર્ગે વળે છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સ્થાનિગ આગેવાનો હરેશભાઈ હેરમા, અનિલભાઈ મકાણી, અશોકભાઈ મહેતા, ચંદુભાઈ કચ્છી, નગરપાલિકાના સભ્યો અને બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહયા હતા.

# લોકસંપર્ક દરમિયાન પરશોતભાઈ રૂપાલાને મળતું અભૂતપૂર્વ લોકસમર્થન અને ઉષ્માભર્યો આવકાર

## વિકસિત ભારતનું નિર્માણ કરવાનો આ સુવર્ણકાળ છે : નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત' ના વિઝનને સહિયારા પ્રયાસો થી સાકાર કરવાનો અવસર મળ્યો છે : પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ શહેરના વોર્ડ–૭ના વિવિધ વિસ્તારોમાં ખુલ્લી જીપમાં બેસીને લોકસંપર્ક કર્યો હતો.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ શહેરના સુપ્રસિધ્ધ પંચનાથ મંદિર ખાતે દર્શન–પુજન–અર્ચન કરી ભોળાનાથજીને શીશી ઝુકાવી લોકસંપર્કનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ હરીહર ચોક, સદર બજાર, ફુલછાબ ચોક, રોકડીયા હનુમાનદાદા, ભીલવાસ, ખાટકીવાસ મેઈન રોડ, યાજ્ઞીક રોડ, ૨૦–જાગનાથ મેઈન રોડ સહિતના વિસ્તારોમાં લોકસંપર્ક કરેલ હતો. આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીને અભૂતપૂર્વ સમર્થન સાથે ઠેર–ઠેર ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદી દેશને સતત વિકાસની રાહ પર અગ્રેસર કરી રહયા છે અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા કટીબધ્ધ છે ત્યારે વિકસિત ભારતનું નિર્માણ કરવાનો આ સુવર્ણકાળ છે. આ વિઝનમાં આર્થિક વૃધ્ધિ, સામાજિક પ્રગીત, પર્યાવરણને અનુકૂળતા અને સુશાસન સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે ત્યારે નરેન્દ્રભાઈ મોદીના આ 'વિકસિત ભારત' ના વિઝનને સહિયારા પ્રયાસો થી સાકાર કરવાનો અવસર મળ્યો છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, લોકસભા ચૂંટણી સંયોજક સુરેશભાઈ ગોધાણી, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, કમલેશભાઈ જોશીપુરા, કોર્પોરેટરો દેવાંગ માંકડ, નેહલ શુકલ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, તેમજ શૈલેષ હાપલીયા, કૌશિક ચાવડા, વિશાલ માંડલીયા, દિપક પારેખ, ભાવનાબેન જોશીપુરા, ડો. વેકરીયા, ડો.અમિત હપાણી, સહદેવ ડોડીયા, જે.પી. ધામેચા, સંદિપ ડોડીયા, કિરીટ ગોહિલ, અજય પરમાર, જગદીશભાઈ ગોહેલ, અનિરૂધ્ધ વાળા, મોહિલ ભીમજાળીયા, મોહિત ગણાત્રા, આનંદ વાળા, અનિલભાઈ પારેખ, રંજનબેન જેઠવા, કોમલબેન સહિતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં મહિલા પોલીસની ટીમોએ જાહેર સ્થળોએ પાણીના કુંડા, ચકલીના માળા મુક્યો



રાજકોટ,

રાજકોટ શહેરના મહિલા પોલીસ સ્ટેશિનની ટીમ અને શી ટીમો દ્વારા જીવદયાની કામગીરી કરવામાં આવી હતી. હાલમાં અંગ દઝાડતો તાપ પડી રહ્યો હોઈ આવા વાતાવરણમાં ચકલીઓ, પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીના માળા મુકવાની કાર્યવાહી કરવામાં આવી મહિલા પોલીસ સ્ટેપશન દ્વારા કરવામાં આવી છે. મહિલા પોલીસ સ્ટેહશનના પીઆઈ આઈ. એન. સાવલીયા, કોન્સે. પ્રિયંકાબા ભીખુભા, સોનલબેન લાલજીભાઈ, પુર્વ વિભાગની શી ટીમના કર્મચારીઓ કોન્સે. પલ્લવીબેન બાબુભાઈ, ધારાબેન હરેશભાઈ, મિનાક્ષીબેન ડાયાભાઈ સહિતે આજીડેમ પોલીટેકનીક કોલેજ, પોલીસ હેડક્વાર્ટરના એમટી વિભાગ, મહિલા પોલીસ સ્ટેભશન તેમજ અન્યે કેટલાક સ્થસળોએ પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીના માળા મુક્યા, હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ અને એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં આ જીવદયાની કાર્યવાહી થઈ હતી

# વડાપ્રધાન નરેન્દ્રંભાઈ મોદીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર નો અવિરત વિકાસ, હવે ઋણ ચૂકવવાનો અવસર: પ્રવકતા રાજુભાઈ ધ્રુવ

## રાજ્યરની પ્રથમ એઈમ્સવ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, સિગ્નેચર બ્રીજ, ધાર્મિક સ્થરળોનો વિકાસથી પ્રદેશનો અભૂતપૂર્વ વિકાસ



રાજકોટ,

પ્રખર રાષ્ટ્રવાદી? નેતા અને ગુજરાતના પનોતા પુત્ર? નરેન્દ્ર ભાઈ મોદીએ દેશના વિકાસ માટે લીધેલા સંકલ્પાને પરિપૂર્ણ કરવામાં આપણે સહયોગ આપવાનો સુવર્ણ અવસર નજીક આવી રહ્યો છે અને? આગામી તા. ૭મી મેએ ગુજરાતની ૨૬ બેઠકો ઉપર મતદાન થવાનું છે ત્યારે ગુજરાતની પ્રજાએ ૨૬ કમળ ખીલવવાનો સંકલ્પણ કરી લીધો છે તેમ જણાવી સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં કહ્યું છે કે, રાજકોટ જ નહી પણ સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ નરેન્દ્ર ભાઈ મોદીની ત્રીજી જીત માટે આતુર છે અને ભાજપને સમગ્ર દેશમાં ચારસોથી વધુ બેઠક આપીને એક ઈતિહાસના સાક્ષી બનવા થનગને છે.

રાજુભાઈ ધ્રુવે વધુમાં જણાવ્યુંથ છે કે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ રાજકોટ અને સૌરાષ્ટ્રને વિકાસ કાર્યોની ખોબલે ખોબલે ભેટ આપી છે અને લાખ્ખો લોકો તેના મીઠા ફળ ચાખી રહ્યા છે ત્યાૌરે તેમનું આ ઋણ ચૂકવવાનો સુવર્ણ અવસર પ્રજાને પ્રાપ્ત થયો છે. રાજકોટ-સૌરાષ્ટ્રનું નામ પૂરા રાષ્ટ્રથી લઈ વિશ્વભરમાં ગુંજતું થાય તે માટે નરેન્દ્રથભાઈ મોદીએ ઐતિહાસિક પગલાઓ ભર્યા છે અને રાજકોટ-સૌરાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય કક્ષાની ભેટ ધરી છે.

રાજકોટને આંતરરાષ્ટ્રીય કક્ષાની એઈમ્સઆ હોસ્પિટલ, જનાના હોસ્પિયટલ અને રાજકોટ-સુરેન્દ્રટનગર ડબલ ટ્રેક રેલવે લાઈનની મળી છે. આ સિવાય ઓખા અને બેટ દ્વારકા વચ્ચેન ૯૮૪ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આઈકોનિક સિગ્નેચર બ્રીજની ભેટ પણ મળી? છે.? આ પહેલા પણ? આંતરરાષ્ટ્રીય કક્ષાનું મહાત્મો ગાંધી મ્યુજઝિયમ, આંતરરાષ્ટ્રીય કક્ષાનો લાઈટહાઉસ પ્રોજેક્ટ , આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્મા ર્ટસિટી પ્રોજેક્ટે, સોમનાથ મહાદેવ વિસ્તાનો સર્વાંગીણ વિકાસ, પાકિસ્તાનર સાથેની દરિયાઈ સરહદે મરિન કમાન્ડો્ હેડકવાટર્સ, ભાવનગર-સુરત વચ્ચેસ રો-રો ફેરી સર્વિસ, જામનગર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની આયુર્વેદીક યુનિવર્સિટી ઈન્ટિભાવનટ્યૂસટ વગેરેની ભેટ નરેન્દ્ર ભાઈ મોદીએ રાજકોટ-સૌરાષ્ટ્રને ધરી છે. 'સૌની યોજના' વડાપ્રધાન શ્રી નરેન્દ્રંભાઈ મોદી ને આભારી છે. આજે આ યોજનાના ફળ સમગ્ર સૌરાષ્ટ્ર ની પ્રજા ને મળી રહ્યા છે.તેમ રાજુભાઈ ધ્રુવએ યાદીના અંતમાં જણાવ્યું છે.

# રાજકોટમાં કિશાનપરા ચોક રામમય બન્યો : રામધૂન



રાજકોટ,

વિહિપ પ્રેરિત સમિતિ દ્વારા કિશાનપરા ચોકમાં રામોત્સુવ નિમિતે ગઈકાલે રાત્રે આરતી ભાવપૂર્વક કરવામાં આવી હતી. ભાજપ દંડક મનીષભાઈ રાડીયા, મહામંત્રી વિજયભાઈ પાડલીયા, વોર્ડ નં. ૧૦ પ્રમુખ રજનીભાઈ પટેલ, રઘુભાઈ ધોળકીયા, કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, રામેશ્વરીબેન ડોડીયા, ભરતભાઈ ગોસાઈ, મહામંત્રી રત્નીદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી તેમજ ભકતોએ આરતીનો લાભ લીધો હતો. મહાનુભાવોનું સાલ ઓઢાળીને અશોકસિંહ ડોડીયા, રાજુભાઈ ગોસ્વાામી, જગદીશભાઈ અગ્રાવત, પરેશભાઈ રૂપારેલીયા, મનિષ વડેરીયા, રવિન્દ્ર ભાઈ વગેરેએ સન્મા્ન કર્યું હતું. તેમ સમિતિના મહામંત્રી મનીષ વડેરિયા જણાવે છે. આજે શનિવારે રાત્રે ૯ વાગ્યેર રામ જન્મો?ત્સંવ સ્થદળ કિશાનપરા ચોકમાં અશોક ભાયાણીનો 'રામ નામ કે હીરે મોતી' કાર્યક્રમ રાખેલ છે. સૌને લાભ લેવા આયોજક જય પરમાર અને અશોકસિંહ ડોડિયાએ અપીલ કરી છે.

# મોટા દડવા ગામે શિવ મહાપુરાણ કથામાં દર્શન, આશીર્વાદ અને કથા શ્રવણનો લાભ લેવા પરશોતભાઈ રૂપાલા

## શિવ મહાપુરાણ કથા જગતને દિશા બતાવે છે. જયાં શિવકથાનું આયોજન થાય છે ત્યા બધા તીર્થોનો વાસ થાય છે : કથા શ્રવણનો લાભ લઈ ધન્યતા–દિવ્યતા અનુભવતા રૂપાલાજી

રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા દડવા (હમીરપરા) ગામે દેવળવાડીમાં સંતશ્રી આનંદદાસજ બાપુની પ્રેરણાથી ચાલતી શિવ મહાપુરાણ કથામાં દર્શન, આશીર્વાદ અને કથા શ્રવણનો લાભ લઈ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ધન્યતા–દિવ્યતા અનુભવી હતી. પૂ. ગિરિ બાપુના વ્યાસપીઠ પદે આ શિવ મહાપુરાણ કથા ચાલી રહેલ છે. જેનો સ્થાનિક અને આસપાસના ગામોના ભાવિકજનો બહોળી સંખ્યામાં કથા શ્રવણનો લાભ લઈ રહયા છે.

આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલ કે શિવ મહાપુરાણ કથા જગતને દિશા બતાવે છે. જયાં શિવકથાનું આયોજન થાય છે ત્યા બધા તીર્થોનો વાસ થાય છે. શિવ એટલે કે કલ્યાણ, જેનું નામ લેવાથી સર્વનું કલ્યાણ થાય છે તેવા ભગવાન શિવની કથા એટલે કે શિવ મહાપુરાણ કથા શ્રવણનો લાભ લેવાનો અવસર મળ્યો છે ત્યારે ધન્યતા–દિવ્યતા અનુભવું છુ. આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા,, ધારાસભ્ય ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ નાગદાનભાઈ ચાવડા, જીલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરમા, નરેન્દ્રસિંહ જાડેજા, તેમજ પ્રભાતભાઈ કોઠીયાળ, ગામના સરપંચ પોપટભાઈ વાળા, ઉપસરપંચ મનુભાઈ લાવડીયા સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# 'મોદી પરિવાર સભા' યોજાઈ

## દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે : જનકલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર – આ વખત ૪૦૦ ને પાર : ઉદયભાઈ કાનગડ, અશ્વીન મોલીયા



રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે તા. ૮એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ સુધી ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૬૮માં શહેરના વોર્ડ–૫ માં ભગીરથ સોસાયટી, દુર્ગા હોલ પાસે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતનાએ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .

# અમરેલીમાં બેંક સાથે ઠગાઈ કરનાર રાજકોટનો શખ્સ ઝબ્બે

અમરેલી:અમરેલીમા થોડા સમય પહેલા એક ખાનગી બેંક સાથે કેટલાક શખ્સોએ બનાવટી દસ્તાવેજોના આધારે લોન મેળવી લઈ બાદમા તે ભરપાઈ નહી કરી છેતરપીંડી આચર્યાના કેસમા પોલીસે રાજકોટના શખ્સની ધરપકડ કરી છે.અમરેલીમા નાસતા ફરતા સ્કવોડના સ્ટાફે રાજકોટમા રેલનગર મેઈન રોડ પર દ્રારિકા વિલેજ ખાતે રહેતા નિર્મળ મહેશસિંહ ઝાલા (ઉ.વ.૩૦) નામના યુવકની



ધરપકડ કરી છે જે હાલમા ખાનગી ફાયનાન્સ પેઢીમા સર્વિસ કરી રહ્યો છે. થોડા દિવસ પહેલા અમરેલીમા તેની સામે બેંક સાથે છેતરપીંડી અંગે ગુન્હો નોંધાયો હતો. અહીની એકસીસ બેંક પાસે પર્સનલ લોન મેળવવા માટે આ શખ્સે બનાવટી દસ્તાવેજો ઉભા કરી લોન મેળવી પરત ભરી ન હતી. જેને પગલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પોલીસવડાની સુચનાથી પીએસઆઈ કે.એસ.ડાંગર સ્ટાફના અજયભાઈ સોલંકી, કિશોરભાઈ આસોદરીયા, ચિંતનભાઈ મારૂ, વરજાંગભાઈ વિગેરેએ તેની ધરપકડ કરી હતી.

# અમરેલીમા નર્સિંગ સ્કૂલના કર્મીનો ઝેર પી આપઘાત

અમરેલી: અમરેલીમા સુખનિવાસ કોલોનીમા રહેતા અને અહીની સરકારી નર્સિંગ સ્કુલમા ફરજ બજાવતા એક કર્મચારીએ તેના પુત્રાના સગપણની ચિંતામા ફરજના સ્થળે જ ઝેરી પી આપઘાત કરી લીધો હતો.આધેડના આપઘાતની આ ઘટના અમરેલીમા સરકારી જનરલ નર્સિંગ સ્કુલ નજીક ગેઈટ પાસે બની હતી. મુકેશભાઈ બચુભાઈ બગથળીયા (ઉ.વ.૫૧) નામના આધેડે તેના દીકરાનુ સગપણ થતુ ન હોય ચિંતામા રહેતા હોય ગઈકાલે તેણે ફરજના સ્થળે બાકડા પર ઝેરી ટીકડા પી લીધા હતા.તેમને તાબડતોબ સારવાર માટે સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયું હતુ. બનાવ અંગે ધવલભાઈ મુકેશભાઈ બગથળીયાએ અમરેલી સીટી પોલીસ મથકમા જાણ કરી હતી. બનાવની વધુ તપાસ એએસઆઈ એન.કે.જાડેજા ચલાવી રહ્યાં છે.

# સ્પીનીંગ મીલમાં આગ, અમરેલી ફાયર ટીમે કાબૂ મેળવ્યો

અમરેલી: અમરેલીના માલવીયા પીપળીયામા આવેલ સ્પીનીંગ મીલમાં આગ લાગ લાગી હતી. ઘટનાને પગલે અમરેલી ફાયર ફાયટરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો.અમરેલીના માલવીયા પીપળીયામાં એક સ્પીનીંગ મીલમાં બપોરે ૪:૧૦ કલાકે કોઈ કારણોસર આગ લાગી હતી. આ અંગે અમરેલી ફાયર તંત્રની ટીમને



જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની રાહબરી નીચે ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળ?વ્યો હતો.સ્પીનીંગ મીલમાં કોટનમાં આગ લાગવાની ઘટનામાં જો કે સદનસીબે જાનહાની ટળી હતી. આ કામગીરીમાં ભગવતસિંહ ગોહિલ, રૂત્વિકભાઈ ભીમાણી, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત, જગદિશભાઈ ભુરીયા, પારસભાઈ પરમાર, હર્ષપાલસિંહ ગઢવી,અને ઈન્દ્રરાજ ખુમાણે જહેમત ઉઠાવી હતી.

## ધોરણ ૧૦ની પરીક્ષામાં ડમી છાત્ર બેસાડનાર સામે ગુનો

અમરેલી:ધારી તાલુકાના દહિંડામા રહેતા એક યુવકે ધોરણ ૧૦ની પરીક્ષામા ગણિતના પેપરમા ડમી વિદ્યાર્થી તરીકે અન્ય યુવકને બેસાડયો હોય આ અંગે બંને સામે ચલાલા પોલીસ મથકમા ગુનો નોંધવામા આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ, શિલ્પાબેન ઘનશ્યામભાઈ બોરીસાગરે ચલાલા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે ધારી તાલુકાના દહિંડામા રહેતા એક છાત્રએ ધોરણ ૧૦ની પરીક્ષામા ગણિતના પેપરમા હોલ ટીકીટ બેઠક ક્રમાંકની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે અન્ય એક યુવકને બેસાડયો હતો. પરીક્ષા દરમિયાન પકડાઈ જતા બંને સામે ફરિયાદ નોંધાવાઈ છે.

# માટી ઉપાડવાનું કામ કરતા કોન્ટ્રાકટર પાસે રૂપિયા ૪૦ હજારની ખંડણી માંગી

## કામ બંધ કરાવી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

અમરેલી: રાજુલા તાલુકાના છતડીયાની સીમમા માટી ઉપાડી રહેલા એક કોન્ટ્રાકટર પાસે વડ ગામના શખ્સે ૪૦ હજારની ખંડણી માંગી ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા તેણે આ બારામા રાજુલા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.કિશનભાઈ લાખાભાઈ માડમ (ઉ.વ.૨૬) નામના યુવાને રાજુલા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેની ખાનગી કંપનીને નેશનલ હાઈવે મહુવાથી કાગવદર પેકેજ-૩મા કેસીસી બિલ્ડકોન પ્રા. લીમીટેડમાથી વર્કઓર્ડર મુજબ રોડમા માટી કામ કરવાનો ઓર્ડર મળેલ તે મુજબ સુજલામ સુફલામ યોજના અંતર્ગત મંજુરી લઈ છતડીયાની સીમમા ખારાવાળી ખોડિયાર તળાવમાથી માટી ઉપાડવાનુ કામ કરી રહ્યાં હતા.આ દરમિયાન વડ ગામે રહેતો અલ્પેશ ઘોહાભાઈ ધાખડા હાથમા છરી લઈ ત્યાં ધસી આવ્યો હતો અને મશીન પર ધોકા મારી કહેલ કે જો તમારે અહી કામ કરવુ હોય તો અમારા ગામના રસ્તે વાહનો ચલાવવા હોય તો ૪૦ હજારની ખંડણી આપવી પડશે. આ શખ્સે કિશનભાઈ તેમજ વિરભદ્રભાઈને છરી બતાવી ગાળો આપી કામ બંધ કરાવી દીધુ હતુ અને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# સાવરકુંડલામાં ગેરકાયદેસર દબાણ કર્તાઓને પાલિકાએ નોટિસ ફટકારી

સાવરકુંડલા: સાવરકુંડલામા અગાઉ તંત્ર દ્વારા ડિમોલેશન હાથ ધરવામા આવ્યું હતુ. જો કે ફરી કેટલાક લોકોએ દબાણ કર્યુ હોય પાલિકા દ્વારા દબાણકર્તાઓને નોટીસ પાઠવી દસ દિવસમા દબાણ દુર કરવા તાકિદ કરાઈ છે.શહેરમા માર્ગ આસપાસ અનેક ગેરકાયદે દબાણો ઉભા કરાયા હતા. તંત્ર દ્વારા થોડા સમય પહેલા છાપરા, કેબીન, ઓટા વિગેરે દબાણો દુર કરી દીધા હતા. જો કે ડિમોલેશનને થોડો સમય વિત્યા બાદ ફરી દબાણો થઈ ગયા છે. આવા દબાણોના કારણે શહેરમા ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થાય છે. અવારનવાર અકસ્માતોના બનાવો પણ બને છે.ત્યારે પાલિકા દ્વારા આવા દબાણકારોને ફરી નોટીસ ફટકારવામા આવી છે. જાહેર રોડ પર ખુલ્લી જગ્યા પર ગેરકાયદે છાપરા, ઓટા કે કેબીનો ઉભા કરાયા હોય આવા દબાણો દસ દિવસમા દુર કરી દેવામા આવે તેવી તાકિદ કરાઈ છે. અન્યથા આગામી સમયમાં કોઈપણ પ્રકારની જાણ કર્યા સીવાય સમગ્ર તંત્ર સાથે સંકલનમાં રહી નગરપાલીકા વિસ્તારમાં આવેલ તમામ જાહેર રોડ તેમજ જાહેર ખુલ્લી જગ્યાઓ ઉપર થયેલ ગેરકાયદેસર દબાણ પેનલ્ટી દંડ વસુલ કરી જમીન ખુલ્લી કરવા કાર્યવાહી હાથ ધરાશે.

## કામોમાં અવરોધ ઉભો કરતા શખ્સ સામે પગલા લો

બાબરા:બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે ગ્રામ પંચાયતના કામમા અવારનવાર અડચણ ઉભી કરતા શખ્સ સામે અહીના સરપંચે પોલીસને લેખિત રજુઆત કરી પગલા લેવા માંગ કરી છે.ઘુઘરાળાના સરપંચ ડુંગરભાઈ કેશવભાઈ રૂડકીયાએ આજે બાબરા પોલીસને આ લેખિત રજુઆત કરી હતી અને જણાવ્યું હતુ કે તેઓ ગ્રામ પંચાયતના સભ્ય પ્રતિનિધી તરીકે કમલેશભાઈ ખુમાણને અવારનવાર પંચાયતની મોટર રીપેર કરવી હોય કે લેમ્પ રીપેર કરવા હોય વિગેરે જેવા કામે મોકલે છે. પરંતુ અહીના અરવિંદ નામના શખ્સે ગ્રામ પંચાયતની મોટર વેચી નાખવા અંગે ખોટી માથાકુટ ઉભી કરી હતી. અગાઉ પણ આ શખ્સે સુવિધાપથના રોડ બાબતે પણ કામમા રૂકાવટ કરી હતી.

# કેદારનાથ દર્શન માટે હેલિકોપ્ટર સેવા લેવા જતાં પ્રૌઢે ૫૭ હજાર ગુમાવ્યા'તા

## રૂ.૭.૯૧ લાખ ગુમાવનાર ૯ વ્યક્તિને રૂ.૭.૭૨ લાખ સાયબર પોલીસે પરત અપાવડાવ્યા

રાજકોટ:આંગળીના ટેરવે સુવિધાઓ મેળવવા જતા લોકો મોટી મુશ્કેલીઓમાં મુકાઈ જતા હોવાના અને નાણાં ગુમાવતા હોવાના અવારનવાર બનાવો પ્રકાશમાં આવ્યા છે. સાયબર ફ્રોડના બનાવો સતત વધતાં પોલીસ તંત્ર દ્વારા સાયબર ક્રાઈમ પોલીસની રચના કરી આવા કિસ્સામાં નાણાં ગુમાવી છેતરપિંડીનો ભોગ બનતા લોકોને તેમના ગુમાવેલા નાણાં પરત અપાવી રહ્યાં છે. સતત સાયબર ફ્રોડના બનાવો પ્રકાશમાં આવી રહ્યાં છે. તેમ છતાં લોકો કોઈ પણ ખરાઈ કર્યા વગર લાલચમાં આવી ઓનલાઈન નાણાં ગુમાવી રહ્યા છે. ત્યારે રાજકોટમાં વિવિધ કારણોસર સાયબર ચીટરોની યેનકેન પ્રકારની ચુંગાલમાં ફસાઈ રૂ.૭,૯૧,૫૮૫ની રકમ ગુમાવનાર નવ વ્યક્તિને સાયબર ક્રાઈમ પોલીસે ટેક્નિકલ સોર્સીસથી તપાસ કર્યા બાદ કોર્ટના હુકમથી




રૂ.૭,૭૨,૩૬૮ની રકમ પરત અપાવડાવી છે. જગદીશભાઈ ચંદુભાઈ લશ્કરી નામના પ્રૌઢને તેમના પરિવાર સાથે કેદારનાથ દર્શન કરવા જવું હોવાથી હેલિકોપ્ટર સેવા મેળવવા ઓનલાઈન નંબર મેળવ્યા હતા. જે નંબર પર સંપર્ક કરતા સામેવાળી વ્યક્તિએ વાતચીત કર્યા બાદ રૂ.૫૬,૬૮૦ની રકમ જમા કરાવવા જણાવ્યું હતું. પ્રૌઢે નાણાં જમા કરાવ્યા બાદ કોઈ રસીદ કે પ્રત્યુત્તર નહિ આપતા પોતે છેતરાયાનો અહેસાસ થતાં ફરિયાદ કરી હતી. ફરિયાદને પગલે સાયબર પોલીસે તપાસ બાદ કોર્ટના માધ્યમથી રકમ પરત અપાવડાવી હતી. તદઉપરાંત ઓનલાઈન બાયજુસમાં ટ્યૂટરની નોકરીના નામે ઝલક રાજેશભાઈ અજમેરાએ રૂ.૫૮,૪૪૯ની રકમ ગુમાવી હતી. જે સાયબર પોલીસે પરત અપાવડાવી હતી.

વિવેકકુમાર સાથે રૂ.૬૯,૬૩૫ની ક્રેડિટ કાર્ડમાં લાગતા ચાર્જિસ બંધ કરાવવા છેતરપિંડી થઈ હતી. જેમાંથી રૂ.૫૯,૯૯૯ની રકમ પરત મળી છે. સસ્તામાં ડ્રાયફ્રૂટની લાલચમાં પરેશભાઈ ધીરજલાલે રૂ.૪૪,૫૨૧ની રકમ ગુમાવી હતી. જેમાંથી રૂ.૪૦,૨૪૦ની રકમ પરત મળી છે. આ ઉપરાંત અન્ય ભોગ બનનારને પણ નાણા પરત અપાવ્યા છે.

## ડેરી પીપરીયામાંથી ૧૫૪૨ ગ્રામ ગાંજો ઝડપાયો

અમરેલી:અમરેલી એસઓજી પોલીસે બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામેથી એક શખ્સને ૧ કિલો ૫૪૨ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો. પોલીસે અહીથી ૨૦ હજારનો મુદામાલ કબજે લઈ બે શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ગાંજાનો જથ્થો ઝડપાયાની આ ઘટના બગસરા તાલુકાના ડેરી પીપરીયામા બની હતી. એસઓજી પોલીસે ડેરી પીપરીયામા રહેતા સુરેશ કાળુભાઈ બગડા (ઉ.વ.૪૫) નામના યુવક પાસેથી ૧ કિલો ૫૪૨ ગ્રામ ગાંજો કિમત રૂપિયા ૧૫૪૨૦ ઝડપી લીધો હતો. પોલીસની પુછપરછમા આ જથ્થો તેને કલ્પેશ પારગી નામના શખ્સે આપ્યો હોવાનુ જણાવ્યું હતુ. પોલીસે અહીથી ૨૦૪૨૦નો મુદામાલ કબજે લઈ એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કુરિયરની બે દુકાનમાંથી ૭૪ હજારની ચોરી

## તસ્કરો શટર ઉંચકાવી અંદર પ્રવેશી રોકડ ઉઠાવી ગયા

અમરેલી:અમરેલીમા છેવાડાના વિસ્તારોમા તસ્કરોના આંટાફેરા વધી રહ્યાં હોય તેમ અહીના કેરીયા રોડ ચોકડી પાસે બે કુરીયરની દુકાનમા તસ્કરો ત્રાકટયા હતા. તસ્કરો શટર ઉંચકાવી અંદર પ્રવેશી કરી રોકડ મળી કુલ રૂપિયા ૭૫ હજારના મુદામાલની ચોરી કરીને લઈ ગયા હતા.આ અંગેની મળતી વિગત મુજબ, ચેતનભાઈ હિમતભાઈ સાસકીયાએ અમરેલી તાલુકા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેમની અમરેલીમા કેરીયા ચોકડી પાસે કુરીયર એજન્સી તથા બાજુમા આવેલ મૌલિકભાઈ સોલંકીની કુરીયર એજન્સીમા રાત્રીના સુમારે તસ્કરો ત્રાકટયા હતા.તસ્કરો દુકાનના પાછળના ભાગમાથી શટર ઉંચકાવી અંદર પ્રવેશ્યા હતા અને ઓફિસમા રાખેલ રોકડ ૬૭૫૦૦ તેમજ મૌલિકભાઈની દુકાનમાથી એનવીઆર કંપનીનુ ૭ હજારની વસ્તુ મળી કુલ રૂપિયા ૭૪૫૦૦ના મુદામાલની ચોરી કરીને લઈ ગયા હતા.

**બાઈક ટ્રક વચ્ચે ટક્કરમાં યુવકનું મોત**

રાજુલા તાલુકાના ચાંચ ગામે રહેતો એક યુવક પોતાનુ બાઈક લઈને નાગેશ્રી તરફથી ઘરે આવી રહ્યો હતો ત્યારે ચારનાળા પાસે ટ્રક ચાલકે તેની સાથે અકસ્માત સર્જતા તેનુ મોત નિપજયું હતુ.બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માતની આ ઘટના રાજુલામા ચારનાળા પાસે બની હતી. આ અંગેની મળતી વિગત મુજબ, ચાંચમા રહેતા નરશીભાઈ ચોથાભાઈ ચૌહાણે રાજુલા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેના નાના ભાઈ લાલજીભાઈ ચોથાભાઈ ચૌહાણ પોતાનુ મોટર સાયકલ લઈને નાગેશ્રીથી ઘર તરફ આવી રહ્યાં હતા.તેઓ ચારનાળા પાસે પહોંચ્યા ત્યારે ટ્રક નંબર જીજે ૧૪ ઝેડ ૮૫૧૪ના ચાલકે તેની સાથે અકસ્માત સર્જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. લાલજીભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી સારવાર માટે રાજુલા દવાખાને ખસેડવામા આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.આ બનાવ અંગે પોલીસે વધુ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મંદિરના ટ્રસ્ટીમાંથી નીકળી જવાનું કહી યુવકને મારી નાખવાની ધમકી

અમરેલી:અમરેલીમા રહેતો એક યુવક ગોંડલના મોવીયામા શંકર મંદિરમા ટ્રસ્ટી હોય તેને ટ્રસ્ટીમાથી નીકળી જવાનુ કહી બે શખ્સોએ રસ્તામા આંતરી ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા તેણે આ બારામા અમરેલી તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. અર્જુનગીરી અશ્વિનગીરી ગોસાઈ (ઉ.વ.૩૫) નામના યુવકે અમરેલી તાલુકા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેઓ ગોંડલના મોવીયામા આવેલ હસ્તગીરી જગ્યા અને શંકર મંદિરમા ટ્રસ્ટી છે. તેઓ મોણપુરથી અમરેલી નાના માચીયાળા ગામના પુલ પાસે પહોંચ્યા ત્યારે મોવીયામા રહેતા કિશોર આદીપરા અને આશિષ રાવલ નામના શખ્સો કારમા ધસી આવ્યા હતા.આ બંને શખ્સોએ તેને રસ્તામા અટકાવી ગાળો આપી હતી અને હસ્તગીરીના મંદિર ટ્રસ્ટીમાથી નીકળી જવાનુ કહી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

## સાવરકુંડલામાં સ્મશાનની જગ્યા પર ગેરકાયદેસર દબાણ દૂર કરો:રહિશો દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી રજુઆત

સાવરકુંડલા:સાવરકુંડલાના અમરેલી રોડ ખાતે આવેલ બગડાવાસમા સરકાર દ્વારા સમાધિ માટે સ્મશાનની જગ્યા ફાળવેલ જે હાથસણી રોડ પર આવેલું છે. તેમાં અમુક આવારા તત્વો અને રાજકારણી લોકોએ સ્મશાનની જગ્યાની અંદર ગેર કાયદેસર રીતે કબ્જો કર્યો છે. ત્યારે આ પ્રશ્ને આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઈ હતી. અહીના રહિશો દ્વારા મામલતદારને પાઠવાયેલા આવેદનમા જણાવાયુ હતુ કે સરકાર દ્વારા સ્મશાનની બહાર ૪૦૮૦ની જમીનમાં કૉમ્યુનિટી હોલ કરવાની ગ્રાન્ટ પણ મળેલ છે. જેનો સર્વે નંબર ૩૯૩ પૈકી ૧ છે. ઉપરાંત ગેરકાયદેસર બાંધકામ કરનાર લોકો અન્ય સમાજના લોકો પાસેથી ફાળાઓ પણ ઉઘરાવે છે. આવનારા સમયમાં બગડાવાસનું સ્મશાનમાં જગ્યા વધે તેમ નથી.સાવરકુંડલાના અમરેલી રોડ પણ આવેલ બગડાવાસના ૬૫ જેટલા લોકો વયોવૃધ્ધ અને ઉંમર લાયક છે. જેમના મરણ થશે તો તેમને સમાધિ આપવા કયા જવું તે પણ એક પ્રશ્ન છે. આ અંગે સમગ્ર રહીશો દ્વારા તાત્કાલિક સ્મશાનની જગ્યામાં કરવામાં આવેલ બાંધકામ હટાવવા માંગ કરી છે.

# ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજકોટનો દબદબો: પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૬ નેતા કરશે મોદીની ગેરંટીનો પ્રચાર

## આ વખતની સ્ટાર પ્રચારકની યાદીમાં ક્ષત્રિય સમાજમાંથી એક માત્ર આઈ.કે. જાડેજાની પસંદગી

રાજકોટ:ગુજરાતમાં આગામી લોકસભા તેમજ વિધાનસભાની પેટાચૂંટણીને લઈ ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા ગુજરાતના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત ૪૦ પ્રચારકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ યાદીમાં રાજકોટનો દબદબો જોવા મળી રહ્યો છે અને તેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા સહિત કુલ ૬ સ્ટાર પ્રચારકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્ટાર પ્રચારકો ગુજરાતની અલગ અલગ સીટો પર મોદી પરિવાર અને મોદીની ગેરંટીનો પ્રચાર કરવા સભાઓ ગજવશે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ અને પોરબંદરના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાનું નામ પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે.આગામી લોકસભા ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાત માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સહિત ૪૦ પ્રચારકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં રાજકોટનો દબદબો જોવા મળી રહ્યો છે અને આ વખતે સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજકોટના એક બે નહિ પણ ૬-૬ પ્રચારકોનાં નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, કુંવરજી બાવળિયા અને પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેઓ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને



ગુજરાતમાં મોવડી મંડળની સૂચના આધારે અલગ અલગ બેઠકો પર પહોંચી મોદી પરિવાર અને મોદીની ગેરંટી સાથે લોકો સમક્ષ મત માંગવા જશે અને સભાઓ ગજવશે.આ ઉપરાંત સ્ટાર પ્રચારકોની યાદીમાં ગુજરાત રાજ્યસભાના સાંસદ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, રાજનાથ સિંહ, યોગી આદિત્યનાથ, દેવેન્દ્ર ફડણવીસ, સ્મૃતિ ઈરાની, નીતિન ગડકરી, એસ જયશંકર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ સાથે રાજકોટ અને પોરબંદરના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાનું નામ પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પ્રચાર અર્થે આવનાર છે. જેમાં તેઓ બીજા ચરણનું મતદાન પૂર્ણ થયા બાદ ગુજરાતના પ્રવાસે જોડાશે અને એપ્રિલ મહિનાના અંતમાં ગુજરાતમાં આવી તેઓ ગુજરાતમાં આગામી લોકસભા ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી માટે પ્રચાર કરી ભાજપને પ્રચંડ બહુમતી સાથે જિતાડવા અપીલ કરશે.ઉલ્લેખનીય છે કે, રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ કરેલા ક્ષત્રિય સમાજ વિશેના વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં નારાજગી સાથે વિરોધ જોવા મળતા આ વખતની સ્ટાર પ્રચારકની યાદીમાં એક માત્ર ક્ષત્રિય સમાજના પ્રચારક આઈ.કે. જાડેજાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીના ક્ષત્રિય સમાજના આગેવાનોની બાદબાકી થતી હોવાનું સ્પષ્ટ તારણ સામે આવી રહ્યું છે.

# સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતો પુરૂસોતમ રૂપાલાનાં નિવાસસ્થાને

## પરિવારે સંતોનું પૂજન કર્યું હતું



રાજકોટ:રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાને લઈ એકતરફ ક્ષત્રિય સમાજ દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો બીજી તરફ આજે જીર્ફ ગુરુકુળ-અમદાવાદના પરમપુજ્ય પુરાણી સદગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામી અને SGVP ગુરુકુળ-રીબડાના ધર્મ વત્સલદાસજી સ્વામી ઉપરાંત ભક્તિપ્રિય સ્વામી રૂપાલાનાં નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં પુરૂષોતમ રૂપાલા સહિત સમગ્ર પરિવારે સંતોનું પૂજન કર્યું હતું. રૂપાલાએ જણાવ્યું કે, આજે સંતોનું પવિત્ર સાનિધ્ય પ્રાપ્ત થયું છે. અને તેમના આશીર્વાદ લઈને ધન્યતાની અનુભૂતિ કરું છું.